
SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

Feb.'2004



પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧
Publiser:-Shree Swaminarayan Temple, Ahmedabad-1



ઈશ્વરનગર (મૂળીદેશ) મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



લૂંટાવદર (મૂળીદેશ) મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી સાથે સ્વામી દેવપ્રકાશદાસજી





ઘમાસણા મંદિર શાકોત્સવ પ્રસંગે દર્શન આપતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને સભામાં સમૂહ આરતીમાં લાભ લેતા હરિભક્તો. સાથે કોઠારી સ્વા. સત્યપ્રકાશદાસજી



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૧૩૩૮૩૫ (મંદિર)
૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૩૦૧-૦૦
વિદેશમાં રૂા. ૨૦૦૧-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ ફેબ્રુઆરી - ૨૦૦૪

અ નુ ક્ર મ ણિ કા

૧. અસ્મદીયમ્ ૨

૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૩

૩. જે કાળજું આપી શકે છે તે પુત્ર પણ આપી શકે છે ૭

૪. સાચું સુખ સત્સંગના સગપણમાં ૧૦

૫. પ્રભુ તમ વિના મારુ કોણ છે ? ૧૩

૬. નામ સ્મરણ મહિમા ૧૪

૭. મહા સુખનો માર્ગ ૧૬

૮. દાનનો મહિમા ૧૮

૯. વહ ઈષ્ટદેવ હમારા ૧૯

૧૦. વ્યસન મુક્તિ ૨૧

૧૧. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની બહુમૂલ્યતા ૨૨

૧૨. સત્સંગ બાલવાટિકા ૨૩
(૧) શિક્ષાપત્રી માહાત્મ્ય

૧૩. પ્રશ્ન પેટી ૨૫

૧૪. સત્સંગ સમાચાર દેશ-વિદેશના ૨૬

પ્રકાશક
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૧૩૨૧૭૦, ૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૧૭૬૯૯૨.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

વસંતના વધામણામાં લોક સમુદાય સાગરની જેમ પૂજ્ય લાલજી મહારાજશ્રીના અમી છાંટણા ઝીલવા અને મુળી મંદિરમાં બિરાજમાન સર્વોપરિ શ્રી રાધાકૃષ્ણદેવની કૃપા મેળવવા હર્ષોલ્લાસ સાથે ઉમટી પડતો જોઈને શ્રીજી મહારાજે કરેલ રંગોત્સવનો સમૈયો અને ફુલદોલોત્સવમાં ઝુલતા સર્વોપરિ ભગવાન શ્રી નરનારાયણદેવનું સ્વરૂપ અંતઃકરણમાં સહેજ જ મનુષ્ય માત્રને સુખ આપનાર થાય છે. આવું દિવ્ય સુખ જીવ માત્રને મેળવવું છે. પરંતુ આવા સુખના દાતા પરમાત્માનો માર્ગ આ જીવને મળતો નથી અને અવળા માર્ગે જ્યાં ડગલેને પગલે દુઃખ દુઃખને દુઃખ જ છે ત્યાં વગર વિચાર્યે અને વગર જોએ દોટ દઈને ચાલતો જાય છે. સંસારના માનવીને જેમ ખારા અખૂટ સમુદ્રમાં ક્યારેક કિનારાનો દિવો દેખાય તેમ મોક્ષની દિવાદાંડીની જેમ સર્વાવતારી સર્વોપરિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે વિશ્વમાં સૌ પ્રથમ સ્વહસ્તે બાથમાં લઈને સ્થાપેલ ભગવાન શ્રી નરનારાયણદેવની કલ્યાણનો કોલ આપનાર ઘજા જગતના જીવને પોકારીને કહે છે. આવો મહાસુખ માણવા ! અક્ષરધામની વાટ લેવા, આવો પ્રથમ સોપાન, અહીંથી જ આત્યન્તિક મોક્ષ પામવાનો માર્ગ સરળતાથી મળશે. જગતના અસંખ્ય જીવોને અત્રેથી જ આ દિવ્ય જ્ઞાન થાય છે. વેદવાક્ય છે કે ''तपसा चियते ब्रह्म'' તપથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. તપ વિના ભગવાનના સ્વરૂપનું સાચું જ્ઞાન આવતું નથી અને જ્ઞાન વિના મોક્ષ મળતો નથી. ''ऋतेः ज्ञानन्मोक्षः'' યથાર્થ જ્ઞાન વિના મુક્તિ નથી. તેથી સર્વોપરિ ભગવાન શ્રી નરનારાયણદેવના તપના પ્રભાવથી આ જીવને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. અર્થાત્ સાચું જ્ઞાન થાય છે. અને આત્યન્તિક મોક્ષ મેળવે છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
ના જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી-૨૦૦૪)

૨. પલસાણા ગામે પ.ભ. શૈલેષભાઈ પશાભાઈને ત્યાં પધરામણી. **૩.** પ.ભ. ધરમશીભાઈ પોપટભાઈ ઝાલાવાડીયા, એપ્રોચ. પ.ભ. કનૈયાલાલ બાબુલાલ ઠક્કર અને પ.ભ. ભરતભાઈ એમ. બારોટને ત્યાં પધરામણી, મણીનગર. **૪.** સોજા પ.ભ. ઘનશ્યામભાઈ મંગળદાસ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે અને **૬.** મોટપ શાકોત્સવ પ્રસંગે પધરામણી. **૮.** ઘનશ્યામપુર (ગોળી) (મૂળીદેશ) ગામે પધરામણી. **૧૦.** પ.ભ. પટેલ અશોકકુમાર ઈશ્વરભાઈને ત્યાં પધરામણી, ઓઢવ. પ.ભ. મહેશભાઈ પરીખ, પ.ભ. બિપીનભાઈ પરીખ અને પ.ભ. સંજયભાઈ પરીખને ત્યાં પધરામણી, શાહીબાગ અને સાબરમતી. શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી, ઓઢવ. પ.ભ. શૈલેષભાઈબાબુભાઈને ત્યાં પધરામણી, નવા બાપૂનગર. **૧૧.** નારાયણઘાટ મંદિર શાકોત્સવ પ્રસંગે. પ.ભ. નટવરલાલ ડી. મીસ્ત્રી દરિયાપુર રમણભાઈ પટેલ એન્ડ કું. રીલીફ રોડ અને કલોલ ગુરુકુળ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી. **૧૨.** ઊંઝા. પ.ભ. પટેલ વસંતભાઈને ત્યાં પારાયણ પ્રસંગે અને પ.ભ. નરેશભાઈ દેવચંદદાસ પાંચોટીયાને ત્યાં પધરામણી. **૧૩.** પ.ભ. નારાયણભાઈ શીવાભાઈ પટેલ (સોજાવાળા)ને ત્યાં શાહીબાગ. શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર શાકોત્સવ, પ.ભ. પટેલ હિરલ પ્રવિણભાઈ, અસારવા, પ.ભ. સી. કે. પટેલ અને પ.ભ. પટેલ મથુરભાઈ મણીલાલને ત્યાં પધરામણી, શાહીબાગ. **૧૪.** અમદાવાદ મંદિરમાં ધનુર્માસ ધૂન્યની પૂર્ણાહુતિ કરી. પ.ભ. પ્રવિણભાઈ એચ. બારોટ ને ત્યાં પધરામણી, ઘાટલોડીયા. **૧૫.** ઝુલાસણ ગામે પ.ભ. કનૈયાલાલ કેશવલાલ પટેલ અને પ.ભ. પ્રવિણભાઈ આર. પટેલને ત્યાં પધરામણી, જોધપુર-સેટેલાઈટ. **૧૬.** વિહાર શાકોત્સવ પ્રસંગે અને સી.જી. જ્વેલર્સમાં પધરામણી, વસ્ત્રાપુર. પ.ભ. પ્રવિણચંદ્ર બાળકૃષ્ણભાઈ ઉપાધ્યાય (આઈ.પી.એસ.)ને ત્યાં પધરામણી, બોપલ. **૧૭.** ડૉ. સુરેશ કાંતિલાલ પટેલને ત્યાં પધરામણી (લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા રાજપથ ક્લબ.) પ.ભ. જસુભાઈ અંબાલાલ પટેલ અને પ.ભ. જ્યોત્સનાબેન અરવિંદભાઈ પટેલને ત્યાં પધરામણી, કલોલ. શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ચૌધરી) શાકોત્સવ પ્રસંગે પધરામણી. પ.ભ. મહેશભાઈ કેશવલાલ પંડ્યાને ત્યાં પધરામણી, (લગ્ન પ્રસંગે આશીર્વાદ) સેટેલાઈટ. **૧૮.** પ.ભ. ઈશ્વરભાઈ વી. પટેલને ત્યાં પધરામણી (અમેરિકાવાળા) (લગ્ન પ્રસંગે આશીર્વાદ) સેટેલાઈટ. હળવદ દલવાડી સમાજના વાડીની ખાત મૂહુર્ત પ્રસંગે પધરામણી. **૧૯.** પ્રતાપપુરા (માણસા) ગામે પધરામણી. **૨૦ થી ૫-૨-૨૦૦૪** નાઈરોબી અને મોમ્બાસા (કેનિયા)ના ધર્મપ્રવાસે પધરામણી.



ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી-૨૦૦૪)

૪. શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા શાકોત્સવ અને કાંકરિયા થી અમદાવાદ મંદિર સંકલ્પ રેલીમાં પધાર્યા. **૯.** મેમકા, લીલાપુર અને લખતર (મૂળી દેશ) અને **૧૦.** લીંબડી મંદિર સભા પ્રસંગે પધરામણી. **૧૧.** માણસા મંદિર શાકોત્સવ અને રાત્રે બાપુનગરમાં જાહેર સત્સંગ સભામાં પધરામણી. **૧૨.** ભક્તિનગર, શ્રીજીનગર, વેગડવાવ, લીલાપુર, નરનારાયણનગર મૂળી દેશ. **૧૩.** રામગઢ અને અખીયાણા (મૂળી દેશ) ગામે પધરામણી. **૧૫-૧૬.** ઉટબેટ સામપર અને જામસર (મૂળીદેશ-હાલાર) ગામે પધરામણી. **૧૭.** પ્રતાપપુરા (તા. માણસા) ગામે પધરામણી. **૧૮.** પ.ભ. રજનીભાઈ નારાણદાસ મહેતાને ત્યાં સભા પ્રસંગે જીવરાજપાર્ક. **૧૯.** જીવરાજપાર્ક મંદિર પારાયણ પ્રસંગે પધરામણી. **૨૧.** રણજીત ગઢ, જેતપર અને ખાખરેચી (મૂળીદેશ) ગામે પધરામણી. **૨૨-૨૩.** જામસર (હાલાર-મૂળીદેશ) આદિ ગામોમાં પધરામણી. **૨૪.** મુબારકપુર શાકોત્સવ પ્રસંગે અને કડી ગામે પધરામણી. **૨૫.** નારાયણપુરા મંદિર સંકલ્પયાત્રા પ્રસંગે પધરામણી. **૨૬.** મૂળી વસંત પંચમીના સમૈયા પ્રસંગે પધરામણી. **૨૭.** ડીસા મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી. **૨૮-૨૯.** ડૉ. ગોવિંદભાઈ ગોપાલભાઈ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે (અલદેપુરા) અને ટોરડા મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. **૩૦.** ખોલડીયાદ અને રામપરા (મૂળી દેશ) ગામે પધરામણી. **૩૧.** નારાયણપુરા મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી સંતો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા વર્ષ દરમ્યાન ધાર્મિક કાર્યક્રમ નીચે મુજબ થયા હતા.

(૧) હિરાવાડી અમદાવાદ : હિરાવાડીથી અમદાવાદ મંદિર વિશાળ પદયાત્રા

(૨) ઉત્તરાયણના દિવસે ઝોળી ફેરવીને જે દાન મળ્યું તે શ્રી નરનારાયણદેવ મંદિર જમા કરાવ્યું.

(૩) દર એકાદશીના ષષ્ઠિ પૂર્તિના ઉપલક્ષમાં સત્સંગ સભા.

(૪) શ્રી સ્વામિનારાયણ મહામંત્ર નોટબુકનું વિતરણ, ૧૦૦૦ કેલેન્ડરનું વિતરણ

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કો.ઓર્ડિનેટર મહેન્દ્રભાઈ હિરાવાડી)

કલોલ

૧. તા. ૧૬-૧૧-૦૩ના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં શ્રીનગર મંદિરથી સમગ્ર કલોલ વિસ્તારમાં ફરીને કલોલ ગુરુકુળ સુધીની ભવ્ય ધર્મસદ્‌ભાવના યાત્રા તેમજ વ્યસન મુક્તિ યાત્રા પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં ધામધુમથી સંપન્ન થઈ હતી.

૨. તા. ૧૨-૧-૨૦૦૩ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી ૧૨ કલાકની અખંડ ધૂન્ય થઈ હતી.

૩. યુવક મંડળ દ્વારા દર શનિવારે કલોલના જુદાં જુદાં વિસ્તારમાં ભજન કીર્તન અને સત્સંગ સભા નિયમિત થાય છે. *(શ્રી ન.ના.દેવ યુવક મંડળ કો.ઓ. નિતેશભાઈ કલોલ)*

જેતલપુર

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ નિમિત્તે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા જેતલપુરના જુદાં જુદાં ગામોમાં ૧૫૦ થી ૨૦૦ જેટલા યુવક હરિભક્તોએ ટ્રેકટરમાં લોકસંપર્ક પ્રચાર પસારનો કાર્યક્રમ રાખેલ. જેમાં અસલાલી, ચોસર, ગામડી, દેવડી, નાઝ, ગીરમથા, મિરોલી, બારેજા, નવાગામ, મહીજડા, પિંગળજ, મુક્તિપુરા, વિઠ્ઠલપુરા વગેરે ગામોમાં પ્રવૃત્તિ કરી હતી.

(શ્રી ન.ના.દેવ યુવક મંડળ કો.ઓ. નારાયણભાઈ દેસાઈ જેતલપુર)

નારાયણઘાટ

(૧) ૧૧મી જૂન નારાયણઘાટ મંદિરમાં ધૂન્ય કીર્તન સત્સંગ સભા રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦. (૨) જૂન ૦૩ થી જાન્યુઆરી -૪ સુધી નારાયણઘાટ વિસ્તારમાં દર ગુરુવારે અને રવિવારે રાત્રે ૯-૦૦ કલાકે જનમંગલની ૬૦ સભાનું આયોજન કરવામાં આવેલ. (૩) તા. ૧૦-૮-૦૩ના રોજ નારાયણઘાટ મંદિરમાં ૭૦ હરિભક્તોએ સમૂહ મહાપૂજામાં જોડાઈને લાભ લીધો હતો. (૪) તા. ૧૩-૯-૦૩ના રોજ શાહીબાગ અને નારાયણઘાટ વિસ્તારમાં ૯૨ હરિભક્તોના ઘરને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના દિવ્ય ચરણોથી પાવન કરેલ. (૫) નારાયણઘાટ મંદિરમાં ૧૪-૯-૦૩ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને સત્સંગ સભા. (૬) જનમંગલ ૬૦મી સભાનું ભવ્ય આયોજન તા. ૮-૧-૦૪ના રોજ સ્વા. બાગ ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં સંપન્ન થયું. અંદાજે ૧ હજાર જેટલા ભાવિકોએ લાભ લીધેલ.

(શ્રી ન.ના.દેવ યુવક મંડળ સંચાલકશ્રી તથા અતુલભાઈ નારણઘાટ)

માણસા

(૧) માણસા, બાપુપુરા અને અલૈયાગામમાં ૧૨ કલાકની ધૂન્ય (૨) માણસા મહંત સ્વામી તથા યુવક મંડળ દ્વારા રાત્રી સભાઓ. જેમાં ઈન્દ્રપુરા, બાપુપુરા, આમજા, ગુલાબપુરા, આનંદપુરા (અંબોડ) વગેર ગામોમાં સત્સંગ સભાઓ થઈ હતી.

(રમેશભઈ કો.ઓ. માણસા)

<u>ગવાડા ગામે ૬૦ દિવસ</u> ધૂન્ય કરેલ : રાત્રે ૮-૩૦ થી ૯-૦૦

(સંચાલક : ભરતભાઈ)

ખણુંસા દર શનિ-રવિ રાત્રે ૮ થી ૯ ધૂન્ય કરી હતી.

(ન.ના.દેવ યુવક મંડળ ડાહ્યાભાઈ)

માણેકપુર ૬૦ કલાકની ધૂન્ય પૂર્ણ થયેલ છે. *(સંચાલક : પ્રહલાદભાઈ)*

મકાખાડ ૧૨ કલાકની ધૂન્ય પૂર્ણ થયેલ છે. *(સંચાલક : કાળાભાઈ)*

ધોળકા

(૧) બહેનો દ્વારા ધોળકા અને ધોળકા દેશના ગામોમાં ૬૦ જેટલી સત્સંગ સભાઓ. (૨) ૬૦૦ જેટલી મંત્રલેખન નોટબુક લખાઈ. ધોળકા દેશના ગામોમાં સત્સંગ સભાઓ. (૩) મહંત સ્વામી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ધોળકા દેશના ગામોમાં સત્સંગ સભા-ધૂન-ભજન-કીર્તન વગેરે પ્રવૃતિ. (૪) ૬૦૦૦

વ્યસનીઓને વ્યસન મુક્ત કરવાનું આયોજન. *(કો. ઓ. રાકેશભાઈ)*

બાલવા

આજુબાજુના ૧૦ ગામોમાં ૧૨ કલાક ધૂન્ય નીચેના ગામોમાં થઈ. (૧) બાલવા (૨) પ્રતાપપુરા (૩) બદપુરા (૪) માણેકપુર (૫) મકાખાડ (૬) ચાંદીસણા (૭) ગુલાબપુરા (૮) ઉનાવા (૯) કલ્યાણપુરા (૧૦) ઈશ્વરપુરા (બદપુરા) *(કો.ઓ. અમૃતભાઈ બાલવા)*

કર્મશક્તિ મંદિર

(૧) ૬૦ કલાકની ધૂન્ય (૨) પદયાત્રા કર્મશક્તિથી અમદાવાદ મંદિર (૩) એકાદશી જાગરણ, દર શનિવારે રાત્રી સભા. શ્રી સ્વામિનારાયણ અંકના ૬૦ સભ્ય (વાર્ષિક) બનાવ્યા.

(સંચાલક : વેકરીયા ડાહ્યાભાઈ)

મહેસાણા

દર અગિયારસના મંદિરમાં રાત્રે ૮ થી ૯ ધૂન્ય, દર ગુરૂવારે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા જુદાં જુદાં વિસ્તારોમાં ઘર સભાનું આયોજન.

દર શનિવારે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા મંદિરમાં સભા. તેમજ સંત મંડળ અને હરિભક્તો દ્વારા નીચેના ગામોમાં સભાઓ થઈ.

મોટપ, કરશનપુરા, મેઉ, ખેરવા અને મહેસાણા મંદિરમાં પૂ. પી.પી. સ્વામીની ઉપસ્થિતિમાં યુવક મંડળની સભા.

કાંકરિયા

૬૦ દિવસ જુદાં જુદાં વિસ્તારોમાં ધૂનનું આયોજન.

વિશાળ સત્સંગ સભાનું મંદિર દ્વારા આયોજન, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા મુખ્ય મંત્રીશ્રીના હસ્તે બાલ સ્વરૂપ કષ્ટભંજન ચોકનું ઉદ્‌ઘાટન.

સ્વામિનારાયણ બાગ ખાતે ૬૦ હનુમાન ચાલીસા પાઠનું આયોજન, કાંકરિયા મંદિરથી અમદાવાદ મંદિર વ્યસન મુક્તિ, પર્યાવરણ બચાવો અને લકવા નાબુદી દિનને અનુલક્ષીને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં પદયાત્રા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળના તમામ સભ્યોએ મૂળી વસંત પંચમીના સમૈયામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભનિશ્રામાં ઉપસ્થિત રહી રંગોત્સવનો લાભ લીધો. *(કો. ઓ. વિશાલભાઈ સંચાલક ગૌરાંગભાઈ)*

કુકરવાડા

નીચે મુજબના ગામોમાં ૧૨ કલાકની ધૂન્ય, કુકરવાડા, વિહાર, ગેરીતા, ગવાડા, વસઈ, વિજાપુર, ખણુંસા, મંડાલી તેમાં માણસા મંદિરના મહંત સ્વામી અને સંતો ઉપસ્થિત રહ્યા હતા. *(કો.ઓ. ભક્તિભાઈ કુકરવાડા)*

વિજ્ઞપ્તિ

દેશ-વિદેશના વ્હાલા સૌ હરિભક્તોને ખાસ જણાવવાનું કે આપ સૌ એ આપણા પૂજ્યપાદ્ આચાર્ય મહારાજશ્રીના આગામી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં વિવિધ પ્રસંગોમાં યજમાન તરીકેની સેવા લખાવી છે. તેથી પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા પૂજ્ય લાલજી મહારાજશ્રી આપના ઉપર હૃદયથી પ્રસન્ન થઈને આશીર્વાદ પાઠવ્યા છે. અને આ મહા મહોત્સવમાં આપ સૌ સહકુટુંબ મહોત્સવનો દિવ્યાનંદ માણવા અવશ્ય પધારશો જ. પરંતુ તે **પહેલાં આપે ઉત્સવમાં લખાવેલ સેવાની રકમ અત્રે મોકલવા ખાસ વિનંતી** છે. તે મોકલવા માટે ચેક કે ડ્રાફ્ટ નીચેના નામથી મોકલવો.

ટી.પી. પાંડે, શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

અથવા **ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ, શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.**

નોંધ : ચેક, ડ્રાફ્ટ અથવા રોકડ રકમની પાવતી આપને ટપાલથી મોકલી આપવામાં આવશે.

લી. મહંત સ્વામી

ચરાડવા મંદિરમાં સુવર્ણ કળશ તથા ધ્વજદંડ મહોત્સવ

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ દેશનું ચરાડવાનું ભવ્ય નિજ મંદિર સૌરાષ્ટ્ર કચ્છમાં આવેલા વિનાશકારી ભૂકંપમાં ધ્વંસ થયું હતું. તે મંદિરનું પુનઃનિર્માણ કાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી પુરૂષોત્તમચરણદાસજીની દિવ્ય પ્રેરણાથી તથા સ.ગુ. સ્વામીશ્રી લક્ષ્મીપ્રસાદદાસજીની અમૃત પ્રેરણાથી દેશ-વિદેશના હરિભક્તોના સાથ સહકારથી પૂર્ણ થયેલ છે.

ઉપરોક્ત નિજ મંદિરના શિખરો પર સુવર્ણ કળશ તથા ધ્વજદંડ કરવાનો ભવ્યાતિ ભવ્ય મહોત્સવ સંવત ૨૦૬૦ મહા વદ-૧૧ તા. ૧૬-૨-૦૪ થી ફાગણ સુદ-૨ તા. ૨૨-૨-૦૪ પર્યન્ત ધામધુમથી ઉજવાશે.

॥ મંગલ કાર્યક્રમ ॥

- પોથીયાત્રા : તા. ૧૬-૨-૦૪ સવારે ૮ કલાકે શ્રી સ્વા.મંદિરથી કથા સ્થળ સુધી.
- કથાનો શુભ પ્રારંભ : તા. ૧૬-૨-૦૪ સવારે ૯-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વક્તા : પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુર), મહંત સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (નારાયણઘાટ).
- કથાનો સમય : સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ અને સાંજે ૩-૩૦ થી ૬-૦૦
- અખંડ ધૂનનો પ્રારંભ : તા. ૧૬-૨-૦૪ સવારે ૯-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે.
- નંદોત્સવ : તા. ૧૯-૨-૦૪ સાંજના ૫-૦૦ કલાકે.
- શ્રીહરિયાગનો શુભ પ્રારંભ : તા. ૨૦-૨-૦૪ સવારે ૯-૧૫ કલાકે
- સમૂહ મહાપૂજા : તા. ૨૧-૨-૦૪ સવારે ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની સાંનિધ્યમાં
- રંગોત્સવ : તા. ૨૧-૨-૦૪ સમય બપોરે ૧૧-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. બાળ લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે.
- નગરયાત્રા : તા. ૨૧-૨-૦૪ સમય સાંજે ૪-૦૦ કલાકે જેમાં **પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. બાળ લાલજી મહારાજશ્રી પધારશે.**
- મહાઅભિષેક : તા. ૨૨-૨-૦૪ સવારે ૫-૩૦ કલાકે
- શણગાર આરતી તથા અન્નકૂટ દર્શન : તા. ૨૨-૨-૦૪ સવારે ૮-૩૦ કલાકે

ધર્મભક્તિ સભામંડપ તથા બાઈઓના મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ

તા. ૨૨-૨-૦૪ને ફાગણ સુદ-૨ને સવારે ૯-૦૦ કલાકે

- સુવર્ણકળશ પ્રતિષ્ઠા તથા ધ્વજદંડ આરોહણ : તા. ૨૨-૨-૦૪ સવારે ૧૦-૦૦ કલાકે
- અખંડ ધૂનની પૂર્ણાહુતિ : તા. ૨૨-૨-૦૪ સવારે ૧૦-૧૫ કલાકે
- કથાપૂર્ણાહુતિ : તા. ૨૨-૨-૦૪ સવાર ૧૧-૩૦ કલાકે
- યજ્ઞની પૂર્ણાહુતિ : તા. ૨૨-૨-૦૪ સવારે ૧૦-૩૦ કલાકે.
- રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમો : તા. ૧૮-૨ થી ૨૧-૨-૦૪ દરમ્યાન સમય : રાત્રે ૯-૦૦ કલાકે. જેમાં ખ્યાતનામ લોકકલાકારો અને હાસ્ય કલાકારો લાભ આપશે.

નિમંત્રક : મહંત સ્વામીશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા, તા. હળવદ, જી. સુરેન્દ્રનગર.

ઉત્સવ સ્થળ : શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-ચરાડવા. ફોન : (૦૨૭૫૮) ૨૪૦૨૩૩, ૨૪૦૫૭૧.

બાળ મંડળના સંચાલકો જોગ

અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદી સ્થાન અંતર્ગત શહેર અને ગામડાઓમાં બાળ મંડળો ઘણા સમયથી અવિરત ચાલે છે. બાળ મંડળ ચલાવતા સંતો-સંચાલકોએ પોતાના વિસ્તાર ગામ-શહેરમાં ચાલતા બાળ મંડળના બાળકોના નામ સરનામાં અભ્યાસ સાથેની સંપૂર્ણ વિગત સંખ્યા સાથે અને વ્યવસ્થાપક અને સંચાલકનું પણ નામ-સરનામું ટેલીફોન નંબર સાથે તા. ૨૫-૨-૨૦૦૪ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવું.

Trf તેજેન્દ્રપ્રસાદજી એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન

એ.ઈ.સી. પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૭૪૯૧૪૩૧, ૭૪૭૯૭૮૩.

જે કાળજું આપી શકે છે તે પુત્ર પણ આપી શકે છે



- ચંદ્રકાન્ત મો.પાઠક (ગાંધીનગર)

ત્રિલોકનાથ અને અનુરાધા આર્થિક રીતે સુખી હતા. સાધન સંપન્ન હતા. લક્ષ્મીજીના કૃપા પાત્ર હતા. ભૌતિક સમૃધ્ધિથી પરિપૂર્ણ હતા. આ દંપતીના જીવનમાં ઉણપ હોય તો એક જ હતી. તેમને કોઈ બાળક ન હતું. સંતાન ન હોવાનો ખાલીપો તેમને કોરી ખાતો હતો. ખાસ તો અનુરાધાને.

ત્રિલોકનાથ સદાચારી સદ્‌ગૃહસ્થ હતા.ન્યાય અને નીતિવાળા હતા. ઈશ્વરમાં શ્રધ્ધા રાખનારા હતા. આશાવાદી હતા. સંતાન પ્રાપ્તિ અર્થે દાન કરતા. વ્રત ઉપવાસ કરતા જપ, તપ, તીરથ બધું કરતા. લોક સેવાના કાર્યો કરતા. વાવ, કૂવા, તળાવો ગળાવતા, પાણીની પરબો મંડાવતા. સદાવ્રત આપતા. ધર્મશાળા બંધાવતા. દીન દુઃખીને સહાય કરતા. આટલું બધું કરવા છતાં ઘરમાં પારણું બંધાતુ ન હતું.

એક દિવસ એમને એક સોનેરી સલાહ સાંપડી. કોઈ મોટા સંતનું શરણું સ્વીકારો. એમનો આશ્રય કરો. એમની સેવા કરો. એમને રાજી કરો. એમની કૃપાથી સારાવાનાં થાશે. સંતોને ભગવાન સાથે એકતા હોય છે. શ્રેષ્ઠીને આ વાત રુચી. ગામમાં જે કોઈ અતિથિ, બાવા, સન્યાસી, સાધુ, ત્યાગી, વેરાગી આવે તેમને પ્રેમથી ઘેર તેડી લાવે. શ્રધ્ધાથી સેવા કરે, જમાડે, પૂજા કરે, ભેટ મૂકે અને તેમની ઉપદેશ વાણી સાંભળે. આમ દિવસો પસાર થાય છે પરંતુ કર્મની રેખ ઉપર મેખ મારે એવા કોઈ સંત આવતા નથી.

એવામાં એક વખત નારાયણનો નાદ કરતા નારદમુનિ આવી ચડ્યા. દંપતીની ખુશીનો પાર ન રહ્યો. યથાયોગ્ય સ્વાગત સન્માન કર્યું. સેવા-પૂજા કરી ભાવથી જમાડ્યા. જમીને બે ઘડી આરામ માટે બેઠા ત્યારે નારદજીએ પુછ્યું- હે મહાભાગ શ્રેષ્ઠી : આંગણવાડીએ બાલવાડીના ફૂલડાં કેમ નથી મધમધતાં ?

ત્રિલોકનાથ ખિન્ન ચહેરે મહાત્મા સામે તાકી રહ્યો. પ્રભો ! પિતૃ તર્પણ કરનારના પગલાં આ આંગણામાં પડે તેટલે અંશે અમારી સાધના પૂર્ણ જાઈ લાગતી નથી. બીજું શું ?

મુનિએ અનુરાધા સામે જોયું. તેણે મૌન રહીને પોતાની આંખમાંથી ટપકતા અશ્રુ બિન્દુથી જવાબ આપ્યો.

નિરાશ ન થશો દેવી ! હું હાલ મહાપ્રભુના ધામ પ્રતિ જ જઈ રહ્યો છું તમારી મનોવેદના હું તેમને જણાવી અનુગ્રહ કરવા કહીશ.

નારદજી વૈકુંઠ લોકે પહોચ્યાં.

પધારો દેવર્ષિ ! પધારો ક્યા લોકને પાવન કરી પધારો છે ? મારે માટે શું શું કરવાના કામ લાવ્યા છો ?

પ્રભો ! તમારે કામ કરવામાં ક્યાં મહેનત પડે છે ? સંકલ્પ કરો અને કામ પુરું. મૃત્યુલોકમાંથી એક ધાર્મિક વૃત્તિના ભાવિક અને શ્રધ્ધાવાન ભક્ત જનનું આતિથ્ય સ્વીકારીને આવું છું. લક્ષ્મીદેવીની કૃપાથી તે બધી રીતે સુખી છે પરંતુ આપ કૃપા તો તેમને પુત્ર ન હોવાનું દુઃખ દૂર થાય.

થોડીવાર મૌન રહ્યા પછી પ્રભુ

બોલ્યા : નારદ, હું નિરૂપાય છું એ દંપતીના નસીબમાં સંતાન સુખ નથી.

વિદાય લઈ નારદજી પુનઃ પહોચ્યાં ત્રિલોકનાથ પાસે. સમાચાર કહ્યા. વત્સ! મને કહેતા અફસોસ છે કે કમારા ભાગ્યલેખમાં સંતાન સુખ ન હોવાનું મહાપ્રભુ કહે છે.

ભગવાનની જેવી ઇચ્છા નારાયણ... નારાયણ

ત્રિલોકનાથે સંત સેવાનું વ્રત ચાલુ રાખ્યું.

એક દિવસ ગામમાં એક સંત આવ્યા. સુકલકડી શરીર. સાવ ટુંકું પોતિયું. હાથમાં માત્ર એક કમંડળ, જીભે સતત શ્રી હરિનું નામ. અયાચક વ્રત ધારી. હરિ ઇચ્છાએ મળે તે જમે. ન મળે તો હરિ ઇચ્છા. આવા તપસ્વી સંતને શ્રધ્ધાપૂર્વક ઘેર તેડી લાવ્યા. માન સન્માનથી પૂજા કીધી. ચરણોદક માથે ચડાવ્યું સારી પેઠે જમાડી તૃપ્ત કર્યા, સંત બહુ રાજી થયા અને કહ્યું કે હું તમને આશીર્વાદ આપું છું. ભગવાન તમને ત્રણ દીકરા આપે.

સમય જતાં ત્રિલોકનાથને આંગણે ત્રણ દીકરા રમતા થયા.

વળી એક દિવસ નારદજીને થયું કે પેલા શ્રેષ્ઠીની ખબર કાઢું. ત્રિલોકનાથને ઘેર આવ્યા તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા. સોહામણા ત્રણ પુત્રો પિતાની સાથે રમતા હતા. શેઠે ઊભા થઇ આવકાર આપ્યો. પ્રણામ કરીને બેઠા. ત્રણેય પુત્રો પણ નારદજીને વિનયથી પગે લાગ્યા. નારદજીએ આશીર્વાદ આપ્યા પણ પોતાના મનનું સમાધાન થયું નહિ- આમ કેમ બન્યું ?

મુનિવરની મુંઝવણ પામી જતાં ત્રિલોકનાથે કહ્યું - હે પ્રભો ! વર્ષો પહેલાં મારે ઘેર એક સંત મહાત્મા પધાર્યા હતાં. આ ત્રણેય પુત્રો તેમના આશીર્વાદનું પરિણામ છે. પોતે ના કહેલી છતાં પુત્રો થયા તેથી નારદજી આ દંપતી આગળ ભોંઠા પડી ગયા.

નારાયણ...નારાયણ, હે પ્રભો ! તમારી લીલા અકળ છે એમ કહીને



ઊઠ્યા. વૈકુંઠ તરફ પ્રયાણ કર્યું. ભગવાન ઉપર ગુસ્સો ચડ્યો મને જુઠ્ઠો પાડ્યો ! મારી સાથે આવી રમત ? આજે તો ખરેખર ઝગડો કરવો છે.

પણ આ શું ? અહીંયા વળી બીજું આશ્ચર્ય ! વિષ્ણું મહેલના દરવાજે મોટી દોડધામ મચી ગઇ છે. વાતાવરણ ગમગીન છે. ભગવાનને પેટનો અસહ્ય દુઃખાવો ઉપડ્યો છે. અશ્વિની કુમારો આવીને જાતજાતની દવાઓ આપે છે. સારવાર કરે છે. લક્ષ્મીજી પવન નાખતા નાખતા પેટ ઉપર હાથ ફેરવે છે. દુઃખાવામાં કશો ફરક પડતો નથી. છેવટે કોઇએ બતાવ્યું કે જીવતો માણસ પોતાનું કાળજું કાઢી આપે તો તો માંથી અકસીર ઇલાજ કરી શકાય. પીડાના ત્રાસથી પ્રભુ બૂમો પાડી રહ્યા છે.

નારદજી ગુસ્સાને ગળી ગયા. લાગ્યું કે અત્યારે કંઇ બોલવા જેવું નથી.જીવતા માણસનું કાળજું ? આ તો બહુ અઘરો ઉપાય છે. બધા



મુંઝાણા. એવો ક્યો જીવતો માણસ હોય જે પોતાનું કાળજું કાઢી આપે ? બધા એક બીજા સામે જોવા લાગ્યા. ભગવાને દુઃખી ચહેરે નારદજી સામે જોયું. પ્રભુની પરિસ્થિતિ જોઇ નારદજી ઢીલા પડી ગયા.

મહાપ્રભુ, ગભરાશો નહિ, હું હમણાં કાળજું લઇને આવું છું. બધુ મટી જશે. એમ કહીને નારદજી કાળજું લેવા માટે ઉપડી ગયા. બહુ તપાસ કરી ઘણી જગ્યાએ ફર્યા. પણ કાળજું આપે કોણ ? નિરાશ થઇ ગયા. વળી તપાસ ઘણો વિલંબ થયો હોવાથી પ્રભુ

પાસે પાછા ફરવા વિચારતા હતા. એવામાં સામેથી એક મહાત્માને આવતા જોયા. નારદજીને થયું લાવને છેલ્લો પાસો ફેંકી જોઉં. મહાત્મા આગળ જઈને પ્રભુની માંદગીની બધી વાત કરી અને ઈલાજ માટે જીવતા મનુષ્યના કાળજાની આવશ્યકતા છે એ પણ કહ્યું.

મહાત્મા બોલ્યા. અહોહો પ્રભુ ! ધન્ય ભાગ્ય છે મારાં ! મારું કાળજું આપના ઈલાજ માટે સ્વીકારજો કપ નાથ ! એમ કહીને પળનાયે વિલંબ વિના કાળજું કાઢી આપ્યું. કાળજું લઈને શિઘ્રગતિથી નારદજી વિષ્ણુ પાસે આવી પહોંચ્યા.

અહીંયા તો વાતાવરણ પાછું આનંદમાં પલટી ગયું હતું. ભગવાનનો દુઃખાવો તો માત્ર નજીવી કડવાશથી મટી ગયો હતો. કાળજું અશ્વિનીકુમારોને આપ્યું. પરંતુ હવે તેની જરૂર ન હતી.

તે પછી થોડે દિવસે નારદજી તથા ભગવાન આરામની પળોમાં બેઠા હતાં. તક જોઈને પેલો કિસ્સો યાદ કર્યો. પ્રભો ! કેટલાક વર્ષો પહેલાં મેં તમને એક શેઠ દંપતીને પુત્ર આપવા માટે અનુગ્રહ કરવા કહ્યું હતું. ત્યારે તમે કહેલું એમના નસીબમાં સંતાન સુખ નથી.

ક્યા શેઠ દંપતી ? મને કંઈ યાદ નથી. ભગવાને ગંભીર બનીને પૂછયું.

યાદ કેમ નથી? યાદ કરો નારદજીએ અવાજની માત્રા થોડી વધારી. તમે સંતાન નહિ થવાનું કહ્યું હતું એટલે મેં પણ એ રીતે જ તેમને વાત કરી હતી. અત્યારે તો એ ગૃહસ્થને ઘેર ત્રણ-ત્રણ દીકરા આંગણે ગેડી-દડે રમે છે. તમે મને એમની આગળ જુઠ્ઠો પાડ્યો છે. હું તમારામાં વિશ્વાસ મુકું છું એ જ ખોટું છે.

મેં કંઈ જુઠ્ઠા પાડ્યા નથી.

તો પછી આમ કેમ બન્યું ?

દેવર્ષિ ! એ તો જે કાળજું આપી શકે છે તે પુત્ર પણ આપી શકે છે. સમજ્યા ?

મારા સંતોના વચન હંમેશા હું સત્ય કરું છું. મારું વચન મિથ્યા જાય તો જાય. પરંતુ મારા સંતનું વચન મિથ્યા ન જાય.

હેં ? નારદજીના મનમાં એક ઝબકારો થયો.

હા, દેવર્ષિ, મારે માટે કાળજું લેવા તમે દોડતા દોડતા ગયા હતા. ઘણે ઠેકાણે ભટક્યા હશો. પણ તમને તમારું કાળજું યાદ ન આવ્યું ?

મારા સંતો સદાય મારું સ્મરણ કરતા મુમુક્ષુ ઓના હિત માટે વિચરે છે. ભૂખ-તરસ વેઠે છે. માન અપમાન સહન કરે છે. પારકા દુઃખને હરે છે. અપકાર ઉપર ઉપકાર કરે છે. આવા મારા સંતોના વચન હંમેશા હું સત્ય કરું છું. મારું વચન મિથ્યા જાય તો ભલે જાય. પરંતુ મારા સંતનું વચન મિથ્યા ન જાય.

નારદ મેરે સંતસે અધિક ન કોઈ. વીણા પાણિ નીચું જોઈ ગયા.

સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી અને તેમના મંડળે પ્રવાસ દરમ્યાન એક ગામના તળાવની પાળે થોડો સમય વિશ્રામ માટે ઉતારો કર્યો. તેમનાથી થોડે દૂર ચાર પરદેશી બ્રાહ્મણો પણ ઉતર્યા હતા. તેમાંથી બે જણને કોલેરા થયેલ હશે તે અવસાન પામ્યા. ગોપાળાનંદ સ્વામી એ વખતે પૂજા કરતા હતા. તેમણે આ બંને વિપ્રોને અક્ષરધામમાં મૂક્યા. સ્વામીના મંડળમાં વિજ્ઞાનદાસજી નામના એક સાધુ સમાધિવાળા હતા. એ સાધુને ખબર પડી કે સ્વામીએ બંને બ્રાહ્મણોને અક્ષરધામમાં મૂક્યા. તેમને થયું કે આવા અજાણ્યા અને સાધન વિનાના જીવોને સીધા અક્ષરધામમાં મૂક્યા. તે સ્વામીએ ઠીક નથી કર્યું. મહારાજને હું આ વાત કરીશ.

શ્રીજી મહારાજ ભેગા થયા ત્યારે વિજ્ઞાનદાસજીએ આ પ્રસંગ મહારાજને જણાવ્યો. તેમણે કહ્યું કે એ બ્રાહ્મણો સાવ અજાણ્યા હતા. ભજન ભક્તિ જેવું કંઈ કરતા ન હતા. સત્સંગી ન હતા. પરિચિત ન હતા. સ્વામિનારાયણનું નામ પણ લેતા ન હતા. એવાને ગોપાળાનંદસ્વામીએ અક્ષરધામમાં મુક્યા. આ મેં મારી નજરે જોયેલી વાત છે.

શ્રીજી મહારાજે શું ઉત્તર આપ્યો ? તેમણે કહ્યું કે મહાપુરુષ ! તમે જે કહો છો તે બધું બરોબર હશે. પરંતુ ગોપાળાનંદ સ્વામી તો સ્વતંત્ર છે. એ તો બે જીવને અક્ષરધામમાં લાવ્યા. પરંતુ સમગ્ર બ્રહ્માંડના જીવોને વગર સાધને અક્ષરધામ માં મુકશે તો પણ અમારાથી કંઈ કહેવાશે નહિ.

વિજ્ઞાનદાસજી શ્રીહરિનો અભિપ્રાય સમજી ગયા.

સાચું સુખ સત્સંગના સગપણમાં (વચ. લોયા-૩)

- પટેલ ગાંડાભાઈ મોહનલાલ (કોલ્હાપુર)



માહાત્મ્ય જ્ઞાને યુક્ત જેને ભગવાન અને તેમના સંતોમાં નિશ્ચય છે તે ભગવાન અને સંતોને કાજે ગમે તે કરવા તૈયારી દાખવતો હોય છે. તે ભક્તનું જીવન જ તેમના કાજે છે. તેમ તે સમજતો હોય છે. તેમની આજ્ઞાને માથે લઈને ફરતો હોય છે. અને તેમના વચનમાં જરા પણ ફેર પડવા ના દે. તેઓ જેમ કહે તેમજ તે કરતો હોય છે. તેના વિષયની એકજ વાત - શ્રીજી મહારાજની પોતાનીછે તે જોઈએ તો તેમનો સ્વભાવ એવો હતો કે તે ગોદોહન માત્ર એક સ્થાનકમાં રહેવાય તેવો નિયમ હતો ને તેમજ તે સદાય રહેતા હતા. આવા તે ત્યાગી ને વૈરાગી હતી. પરંતુ તેમને લોજપુર આવીને શ્રી રામાનંદ સ્વામી ઉપર હેત અસાધારણ આવ્યુ ને તેમનામાં એકપાકો નિશ્ચય થયો. એટલે તે રામાનંદ સ્વામીનું કહેણ ભૂજથી આવ્યું કે 'જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે.' તો તેમણે તરત જ તે વચનને માન્ય કરીને થાંભલાને બાથ લઈને રહ્યા. લોજપુરના આશ્રમે શ્રી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. અને તેમની સેવા તન અને મનથી કરી. આ થવાનું કારણ માત્ર એક જ કે અમોને શ્રી રામાનંદ સ્વામીમાં એક પરિપક્વ નિશ્ચય થયેલ હતો. તેમના વચનમાં રહેવું તે અમારી માત્ર ફરજ હતી. તેમના વચનમાં જરાય ફેર ના પડે તેનું ધ્યાન દેવાનું હતું અને તે મુજબ જ અમો રહ્યાને સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનું હેત અમો પામ્યા. તેમના કરીને રાખ્યા. આખો સત્સંગ અમોને સોંપીને તે નિવૃત થઈ રહ્યા.

જેને ભગવાનમાં પાકો નિશ્ચય થયો તેમણે તેમના વચન ખાતર કુટુંબનો ત્યાગ કરવામાં જરાપણ ખચકાય નહિ. લોક લાજનો ત્યાગ કરી જાણે, રાજા હોય તો રાજ્યનો પણ ત્યાગ કરી દે, અને તેમના ચરણોમાં તેને ધરી દે. જીવનમાં જેને સંસારિક સુખ કહે છે તેવું સુખ હોય તો તેનો પણ ત્યાગ કરી દે. તેમના વચન માત્ર થી ધનનો ત્યાગ કરે. પોતાની સ્ત્રી ત્યાગ કરે અને જો સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે. આવો જે ભક્તોને ભગવાનને તેમના સંતોમાં અટલ શ્રદ્ધા છે તે તેમના કાજે તેમના વચનમાત્રે સર્વસ્વનો ત્યાગ કરી તેમની પાછળ હાલતા થઈ ગયાના કેટલાય દાખલા છે.

ગામ ડડુસરના રજપુત ગલુજી એકાંતિક ભક્ત હતા. તેમને શ્રીહરિમાં અને સત્સંગમાં પરિપક્વ નિશ્ચય હતો. એક વખત શ્રીજી મહારાજ ડડુસર પધાર્યા. સર્વે ભક્તો સાથે લઈ સામૈયું કરી ઘરે લાવ્યા ને શ્રીજી મહારાજને સંતોને રસોઈ કરી જમાડ્યા. આગતા સ્વાગતા કરી. આવા જ સમયે ગલુજીના બિમાર માતાએ દેહ ત્યાગ કર્યો. પરંતુ શ્રીજી મહારાજ પધાર્યા છે તેમની સેવાનો યોગ ફરી મલે કે ના મલે તેમ હતો. વળી તે સેવા ભવસાગર પાર કરાવે તેવી હતી. તેથી મન મક્કમ કરી માતાના શબને એક ઓરડામાં મુકીને તાળુ મારી દીધુંને કોઈને જાણ ના થવા દીધી. અને શ્રીજી મહારાજની સર્વે સેવા આનંદથી ને મનથી કરી મન તૃપ્ત કરી દીધુ. પણ વળાવવા કાજે ગામ બહાર પાદર સુધી ગલુજી શ્રીજીમહારાજ સાથે ગયા ત્યારે

શ્રીજીમહારાજે ગલુજીને કહ્યું કે ગલુજી, હવે પાછા વળોને ડોશીમાની ક્રિયા હવે પતાવી દો. તમોએ તો ભારે કરી. સૂતકમાં અમને જમાડ્યા ને પૂજા પણ કરી.

ત્યારે ગલુજી ભક્તે નમ્રતાથી કહ્યું કે હે મહારાજ ! માણસ અભડાય તો સોનાથી બંટ લે તો પવિત્ર બની જાય છે. જ્યારે સોનું પવિત્ર બનાવતું હોય તો તમે તો સાક્ષાત્ પરમાત્મા છો. તમારા દર્શન-સ્મરણ માત્રથી પવિત્ર થઈને રહેવાય જ ને, સુતક પણ ના લાગે. જેને મમતા છે દેહનો અહંજ છે તેને સૂતક લાગે. પરંતુ જેણે દેહના સંબંધો ૮૪ લાખ યોનીના જેવા ગણ્યા છે તેને સૂતક કેવું ! અને જ્યારે સાક્ષાત્ પરમાત્માના દર્શનનો લાભ લેવાનો હોય ત્યારે બ્રહ્મભાવ બનીને સંબંધો ભૂલી જવા પડે અને આવો જ હે પ્રભુ ! લોકમાં નિર્બંધન સંબંધ મારો રહે, સત્સંગમાં દિવ્ય-ભાવ-બુદ્ધિ રહે એજ તમારી પાસે સદાય માગું તે મને આપતા રહેજો.

આવાંજ શ્રીજી મહારાજનાં પરમભક્ત ધર્મપુરના કુશળકુંવરબાઈ રાણી હતાં, કુંવરનાના હતા તેથી રાજકારભાર તે સંભાળતા હતાં. ધર્મમાં આસક્તિવાળાં હતાં. જાણે પૂર્વનાં મુક્ત જેવા હતાં. તેમના સદ્‌ભાગ્યે તેમને શ્રીહરિના પરમસંત ચૈતન્યાનંદ સ્વામીનો સમાગમ થયેલ અને તે સ્વામી ધરમપુરમાં રહી સત્સંગ કરાવતા ને શ્રીજી મહારાજની લીલાને પરચાની વાતો કરતા. તે રાજ્યમાં સ્વામીને માન-પાન સારૂં મલતું.

એક વખતે શ્રીજી મહારાજે ચૈતન્યાનંદ સ્વામીને ગઢપુર લઈ જવા કાજે મુક્તાનંદ સ્વામીને ધરમપુર મોકલ્યા. તો કુશળકુંવરબાએ કહ્યું કે અમારા ગુરુને લઈ જવા નહીં દઈએ. પરંતુ શ્રીજી મહારાજ અહિં આવે તો ગુરુને લઈ જવા રજા આપું. મુક્તાનંદ સ્વામી ગઢપુર આવ્યાને રાણીનો પત્ર શ્રીજી મહારાજને આપ્યો. વળી વાત પણ તેમણે કરી. તેથી શ્રીજી મહારાજ ને રાણીની ખૂબજ ભાવના જોઈને ધરમપુર જવાનો સંકલ્પ કર્યો. ને પાંચસો પરમહંસો સાથે ધરમપુર પધાર્યા અને વસંતપંચમીનો મોટો સમૈયો કર્યો. નગરજનોને દિવ્ય સુખ આપ્યું. તે સમયે રાણીએ પોતાનું રાજ્ય તેમના ચરણે ધર્યું. શ્રીજી મહારાજે કહ્યું કે અમો અહીં રાજ્ય કરવા નથી આવ્યા. રાજ્ય તમેજ કરો અને અંતરમાં સદાય અમારી મૂર્તિ ધરી સ્મરણ કરજો. કુશળકુંવરબાને શ્રીજી મહારાજનાં દર્શન માત્રથી મૂર્તિ અંતરમાં ઉતરી ગઈને ભવપાર તરી ગયાં ! આમ પરિપક્વ નિશ્ચય શ્રીજી મહારાજમાં હતો તો કુશળકુંવરબાના ધરમપુરમાં શ્રીજી મહારાજ પોતે આવીને દર્શનનો લાભ દઈને ધન્ય ધન્ય કરી ગયા.


અગતરાઈ ગામના પર્વતભાઈ પટેલ એવા અનાસક્તિ વાળા એકાંતિક ભક્ત હતા કે તેમને જીવનમાં સદાય નિશ્ચય અને ઉપાસનાનો કેફ જ રહેતો હતો. તેમનું નામ સત્સંગ નો સામાન્ય સત્સંગી પણ જાણતો હતો. તે રાજા અંબરિષ જેવા શ્રીજી મહારાજના ભક્ત હતા. આમ તો રામાનંદ સ્વામીએ વર્તમાન ધરાવેલ ને શ્રીજી મહારાજ આવ્યા ત્યારે તેમની પરમાત્મા તરીકેની ઓળખાણ ગુરુએ કરાવી આપેલ ત્યારથી તેમનામાં પરિપક્વ નિશ્ચય થયેલો.

એક વખતે ખેતરમાં કામ કરતાં માનસી પૂજા કરતા હતા. શ્રીજી મહારાજનું ધ્યાન ધરી દહીં-રોટલો જમાડતા હતા. સાથે રહેલ સાથીને લાગ્યું કે પર્વતભાઈ ઉંઘે છે એટલે તેણે માટીનું ઢેફૂં માર્યું. તો તરતજ જમીન પર દહીંને રોટલો પડી ગયો ! પેલા સાથી ખેડૂતને પશ્ચાતાપ થયો ને માફી માગી. આમ તેમની પૂજા શ્રીજી મહારાજ પ્રત્યક્ષ સ્વીકારતા હતા. પર્વતભાઈને શ્રીજી મહારાજમાંને સંતોમાં એટલી બધી આત્મબુદ્ધિ હતી કે એક વેળા ખેતરની બધીજ ઉપજ લઈને ગઢડે આવ્યા. શ્રીજી મહારાજે કહ્યું કે છોકરાં માટે કંઈ રાખ્યું છે કે નહીં ? ત્યારે પર્વતભાઈએ સહજતાથી કહ્યું કે કણબીનાં છોકરાં ને કુકડા બેય સરખાં ! એતો ગમે ત્યાંથી દાણા વીણી ખાધા કરે. પરંતુ અમારી મહેનત તમારી સેવામાં આવે તેજ અમારા સદ્‌ભાગ્ય ગણાય.

એક વખતે મહારાજે શેરડી અને તેમાંથી બનતી વસ્તુઓ ન ખાવાનું પ્રકરણ ચલાવેલ ને તે સંતો પાળતા હતા. ત્યારે શ્રીજીમહારાજે પર્વતભાઈને શેરડીનો પ્રસાદ આપ્યો. તો તેમને તે શેરડીનો પ્રસાદ નહીં ખાવાનું કહ્યું. કારણ કે અમારા સંતો જે ના ખાય તે અમારાથી કેમ ખવાય ?

ત્યારે મહારાજે સંતોને શેરડીનો પ્રસાદ જમાડીને પછી પર્વતભાઈને તે પ્રસાદ આપ્યો તે તેમણે પ્રેમથી લીધો. આવી આત્મબુદ્ધિ પર્વતભાઈમાં હતી.

એક વખત શ્રી ગોપાળાનંદ સ્વામી સંતો સાથે અગતરાઈ પધારેલ ત્યારે તે સમયે પર્વતભાઈનો પુત્ર મેઘજી યાત્રા કરવાની તૈયારી કરતો હતો. પર્વતભાઈએ કહ્યું કે મૂર્તિમાન આ



સ્વામીજ તીર્થ સમાન છે એમનો સમાગમ કર. પરંતુ પુત્રે ના માન્યું ને જાત્રાએ ગયો. ભાગોળે ગયો તો સામેજ અડસઠ તીર્થોનું ટોળું દેખાયું. તેમને પૂછયું કોણ છો ? તો તેમણે કહ્યું. અમે તો સમગ્ર ભરતખંડના અડસઠ તીર્થો છીએ, આ ગામમાં સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી પધારેલ છે. તો તેમના ચરણોમાં અમો વાસ કરીશું. ને તેમનો સત્સંગ કરીને ધન્ય બનીશું. આ વાત સાંભળી મેઘજી પાછો ફર્યો ને સંત-સમાગમ કરી ધન્ય બન્યો. કેવી સંતો તરફની એક નિષ્ઠા હતી ને કેવા ભક્તો હતા !

આવાં જ એક દાદા ખાચરનાં માસીની દીકરી રાજબાઈ હતાં. માતા-પિતા સત્સંગી હતાં. પોતે પૂર્વનાં મુક્ત-જીવ હતાં. નાનપણમાંજ શ્રીજી મહારાજ પરત્વેની અનન્ય ભક્તિ હતી. તેથી તે પરણવા માગતાં ન હતાં. પરંતુ શ્રીજી મહારાજે રાજબાઈને કહ્યું કે લોક રિવાજ મુજબ તમો પરણો, જો તમારી ટેક સાચી હશે તો ભગવાન તમારી રક્ષા કરશે જ. તમારૂં વ્રત અખંડિત રહેશે.

આમ શ્રીજી મહારાજની આજ્ઞાથી હા પાડીને સગપણ થયું. ચુંદડી આવી. પરંતુ તે રાજબાઈની સામેજ ભડકો થઈને બળી ગઈ. લગ્ન થઈ સાસરે ગયાં તો પહેલી રાત્રે જ પતિને રજબાઈ સિંહણરૂપે દેખાયા. રાજબાઈને સાસરેથી પિયરમાં મોકલી દેવાયાં અને ત્યાંથી ગઢડા જઈ શ્રીજી મહારાજની સેવામાં આજીવન વ્રત-ઉપવાસે કૃશ શરીર કરી સાંખ્યયોગી બનીને રહ્યાં. પુરુષમાત્રથી તે વીશ હાથ છેટે રહેતાં. અરે ! કોઈ ગર્ભવતી સ્ત્રીના ઉદરમાં પુત્ર હોય તો તેમને ખબર પડી જતી ને તેને છેટે રહેવાનું તે કહેતાં ! આમ તેમણે મૃત્યુ પર્યંત કોઈ પુરૂષનો સ્પર્શ નહીં કરેલ. વળી તેમણે બધાને કરી રાખેલું કે મારા શબને પણ કોઈ પુરુષ ના અડે તેનું ધ્યાન દેજો. તેથી તો અગ્નિદેવ પણ તેમને સ્પર્શી ના શક્યા ! અંતે શ્રી ગોપાળાનંદ સ્વામીએ અગ્નિદેવને વિનંતી તરીકે હે દેવ ! સતીના શબને તમો દહન કરો અને તેમના સતને સાચવો. આવાં સત્યનિષ્ઠ ને પૂર્વનાં મુક્ત હતાં. રાજબાઈના ત્યાગના અંગથી તો શ્રીજી મહારાજ પણ રાજી થઈ ગયેલ તેથીજ તેમના સતને જીવન પર્યંત સાચવી જાણ્યું.

આમ જેને જેને ભગવાનનો તેમના અપર સ્વરૂપ આચાર્યજીનો અને તેમના સંતોનો નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત હોય છે તે શ્રીજી મહારાજના વચનમાં જરા પણ ફેર પડવા દેતા નથી અને જેમ કહે તેમજ કરીને જીવન ઉજાળી જાય છે. આવા તો સત્સંગમાં ડગલેને પગલે દાખલા છે. તેનાથી જ આપણો સત્સંગ દૃઢને પુષ્ટ છે. તેનાથી જ આપણને આજે સત્સંગમાં બળને પ્રેરણા મળે છે. તેજ સાચું છે ને તેજ સગપણ સાચુંને સુખદાયક છે. તે વાત સત્સંગ દ્વારા પ્રતિત થઈને આપણા જીવનમાં સદાય રહે ને તેને સાચવી જાણીએ તેજ આપણો સત્સંગ સાચા અર્થમાં છે.

પ્રભુ તમ વિના મારુ કોણ છે ?

- પૂજારી સાધુ વંદનપ્રકાશદાસ
ગુરુ ભક્તવત્સલદાસજી (લીંબડી)



સૌરાષ્ટ્રની શૂરવીરતા ભરી ભૂમિમાં આવેલું માણાવદર ગામ. અનેક મહામુક્તો-સંતો તેમજ ભક્તોની જન્મભૂમિ છે. આ જ ભૂમિના એક મહાન સંત કવિ જેમનું નામ શ્રી મંજુકેશાનંદ કે જેમને નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં "મોટા મુક્ત મહામતિ તરીકે વર્ણવ્યા છે. એક વખત શ્રી સ્વયંપ્રકાશાનંદ સ્વામી માણાવદર પધાર્યા હતા. ત્યાં થોડા દિવસ કથા-વાર્તા-સત્સંગનો લાભ આપીને પાછા ગઢપુર જતા હતા, ત્યારે માણાવદરનો આ ભક્ત (બાળપણમાં મૂળ નામ લાલજી) તેમના મંડળમાં જોડાઈ ગયો. ગઢપુર આવ્યા ત્યારે શ્રીહરિ આ નવયુવાનને જોતા જ મલકી ઊઠ્યા. ત્યાગવૃત્તિથી થનગનતા આ યુવાનને શ્રીહરિએ દીક્ષા આપી અને મંજુકેશાનંદ એ પ્રભુના મનોહર સ્વરૂપને તેમના ઉપદેશને તેમના ચરિત્રો કીર્તનરૂપ આપવા શરૂ કરીને ઘણા લીલા ચરિત્રોના ઉપદેશાત્મક કીર્તનો બનાવ્યાં.

એક વખત શ્રીહરિ અમદાવાદમાં બિરાજમાન હતા. સર્વ સંતો-ભક્તોને લઈને પ્રભુ સાબરમતીમાં સ્નાન કરવા પધાર્યા. નારાયણઘાટ પર આવી બધા સંતો-ભક્તો સ્નાન કરવા તત્પર થઈ ગયા. મહારાજને વિંટળાઈને બધા ઊભા છે, એવામાં ઘડામ દઈને મંજુકેશાનંદે ઘાટ ઉપરથી કૂદકો માર્યો. બધાની ઉપર પાણી ઊડ્યુ. આ જોઈને પ્રભુ તો ખીજાયા. મંજુકેશાનંદને પાસે બોલાવીને કહ્યું, તમે કોના સાધુ છો ? કોના મંડળમાં છો ? સાધુની રીત સમજ્યા છો કે નહિ ? સાધુનું આચરણ આવું હોય ? આ વડીલ સંતો-ભક્તોની મર્યાદા સાચવવી જોઈ એ કે નહિ ? એકાએક પ્રભુનું આવું ઉગ્રરૂપ જોઈ સ્વામી દુઃખી થઈ ગયા ! મહારાજે કહ્યું : આવું વર્તન કરવું હોય તો અમારી સાથે વાત પણ કરવી નહિ.' ત્યારે સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, પ્રભુ ! એ કવિરાજ છે. પ્રેમમાં મર્યાદાનો ખ્યાલ નહિ રહ્યો હોય. આ સાંભળી મહારાજ વધુ અકળાયા, કહ્યું "પ્રેમની રીત અને મર્યાદાની રીતને મેળ ન ખાતો હોય તો આવો પ્રેમ ખોટો છે. લોકો મર્યાદા જુએ છે પ્રેમ ને નહિ. માટે આવું આચરણ કદી કરવું નહિ. બધા મૌન થઈ ગયા. અને સ્વામીએ મહારાજની માફી માગતાં ભગ્ન હૃદયે કીર્તન ઉપાડ્યું.

પ્રભુ તમ વિના મારું કોણ છે
તમે જાણો છો... હરિ...હરિ...
પરિવારમાં તમે સાર છો સંસારના આધાર છો
મારા પ્રાણ તણા તમે પ્રાણ છો
તમે જાણો છો...હરિ....હરિ.....
આ લોકમાં તમ આપ છો, પરલોકમાં બાપ છો.
સર્વ જગતના પ્રતિપાળ છો,
તમે જાણો છો....હરિ....હરિ.....
મારી આસ તણી તમે આશ છો, અતિ કુડ કપટથી દૂર છો
મંજુકેશાનંદ"ના નાથ છો.
તમે જાણો છો....હરિ....હરિ.....

કીર્તન પૂરું થતા તો સ્વામીની આંખો ભરાઈ ગઈ ! સામે મહારાજની આંખમાં પણ આંસુ આવી ગયા ! મહારાજ સ્વામીને ભેટી પડ્યા અને તેમને આશીર્વાદ આપ્યા. આમ સ્વામીની અનન્ય ભક્તિ જોઈ મહારાજ રાજી થઈ ગયા. કીર્તનો ગાવા સાંભળવાથી મનમાં અનેરી શાંતિ મળે છે.

નામ સ્મરણ મહિમા

- અમૃત કે. મોદી (સોજા)

દરેક મનુષ્યે નિત્ય નિરંતર સતત પરમાત્માનું સ્મરણ કરવું જોઈએ. તોજ પરમાત્મા પણ તે ભક્તનું કાયમી સ્મરણ કરે છે. પરમાત્મા પ્રત્યક્ષ રૂપે હાજર થતા નથી. પણ ભક્તના દરેક કામ કરીને જ આપે છે. પરંતુ આ સફળતાની આપણને ખબર હોતી નથી. આ આપણી ભક્તિનો, નામ સ્મરણનો બદલો છે. પ્રભુની કૃપા માટે કદી પણ નામ સ્મરણ ચૂકશો નહિ.

જે સ્વામિનારાયણ નામ લેશે
તેનાં બધાં પાતક બાળી દેશે
છે નામ મારા શ્રુતિમાં અનેક,
સર્વોપરિ આજ ગણાય એક
જે સ્વામિનારાયણ એકવાર રટે
બીજા નામ રટ્યાં હજાર
જપ્યા થકી જે ફળ, થાય એનું
કરી શકે વર્ણન કોણ તેનું
ષડક્ષરી મંત્ર મહા સમર્થ
જેથી થશે સિધ્ધ સમસ્ત અર્થ
સુખી કરે સંકટ સર્વ કાપે,
અંતે વળી અક્ષરધામ આપે
(હરિલીલા મૃત)

ભક્ત પ્રહલાદને જન્મ સાથે પ્રભુનું નામ સ્મરણ યાદ હતું. તેના પિતા હિરણ્યકશીપે પ્રભુનું નામ સ્મરણ છોડવા માટે ઘણા ઘણા પ્રયત્નો કરી જોયા. પરંતુ સર્વ પ્રયત્નો વ્યર્થ થયા. ભક્ત પ્રહલાદ રાત દિવસ પ્રભુ સ્મરણ કરતા જ રહ્યા. તો ભગવાને દરેક દુઃખ વખતે સહાય કરી. પરંતુ આ સંસારમાં ઉલટુ ચાલે છે. "સુખમાં સાંભરે સોની, દુઃખમાં સાંભળે રામ." ભક્ત પ્રહલાદના પિતા ઘણા જ્ઞાની અને તપસ્વી હતા. પરંતુ ભગવાનના નામ સ્મરણ સાથે વેર હતું. એટલે બ્રહ્માજી પાસે માગણી કરી કે હું મનુષ્ય કે પશુથી ન મરુ. રાત્રે ન મરુ, દિવસે ન મરુ. લોખંડથી ન મરુ કે લાકડાથી ન મરુ. ઘરમાં ન મરું કે બહાર ન મરુ. બ્રહ્માજીએ કહ્યું તથાસ્તુ.

ભક્ત પ્રહલાદની ટેક તમે રાખવા
સ્તંભ દીધો તો ફાડી.

તો પરમેશ્વરે નૃસિંહ ભગવાનનું રૂપ ધારણ કરી, તેની માગણી પ્રમાણે સ્તંભમાંથી પ્રગટ થઈ હિરણ્ય કશિપુનો વધ કર્યો. પણ ભક્તનો જીવ બહુ દયાળુ હોય છે. તેમને તેમના પિતાએ ઘણું કષ્ટ દેવા છતાં તેમના પિતાનું પ્રભુ પાસે કલ્યાણ માગ્યું.

બીજી વાત છે. ભક્ત ધ્રુવના પિતાને બે રાણીઓ હતી. સુરિચિ અને સુનિતી. સુનિતી ભક્ત ધ્રુવની માતા હતી. સુરુચિ કે જે એની અપર મા હતી. તેને ધ્રુવને મહેણું માર્યું કે તારા પિતાના ખોળામાં બેસવું હતુ તો મારા પેટે જન્મ લેવો હતો ને ! આ શબ્દો ધ્રુવને હાડો હાડ વ્યાપી ગયા અને પોતાની જનેતા સુનિતી પાસે જઈને વાત કરી. તો સુનિતીએ કહ્યું પ્રભુ સ્મરણ કર, તે તને ઉચ્ચ સ્થાન આપશે. ધ્રુવે પ્રભુ સ્મરણ કરી, પરમેશ્વરને પ્રાપ્ત કરી અચળ સ્થાન પ્રાપ્ત કર્યું. કે જે આજે આપણે ઉત્તર દિશામાં ધ્રુવને તારા તરીકે ઓળખીયે છે. આ છે પ્રભુ સ્મરણના મહિમાનો પ્રતાપ.

આપણા શાસ્ત્રમાં નાજા જોગીયાની વાત આવે છે કે નાજા જોગીયા જસદણ ભોયરામાં રહેતા હતા અને ભગવાનનું નામ સ્મરણ કરવાનો લોકોને ઉપદેશ આપતા હતા. આ ગામનો રાજા કે જેનું નામ વાજસુર ખાચર હતું. તે સામાન્ય

ગુના માટે પણ માણસોના ઢીંચણ ભાંગી ને ખાડામાં ફેંકી દેતો અને રીબાવી રીબાવીને મારી નાખતો. નાજા જોગીયાને લોકોનાં દુઃખ જોઈ એક દિવસ રાજાને શિખામણ આપવાની ઈચ્છા થઈ. તે વાજસુર ખાચરને ત્યાં દરબારમાં ગયો અને કહ્યું કે લોકોના ઢીંચણ ભાંગી ખાડામાં ફેકી, રીબાવીને મારી નાખો છો તે બરાબર નથી. "વાઘને કોણ કહે કે તારુ મોં ગંધાય છે ?" નાજા જોગીયાને તો ધરમ કરતાં ઘાડ પડી જેવું થયું. વાજસુરખાચરે કહ્યું કે - તુ મને સલાહ આપનાર કોણ ? જો તારો સ્વામિનારાયણ ભગવાન સાચો હોય તો કાલે સૂર્યોદય પહેલાં મને દર્શન આપે, નહિતર તારી પણ આ દશા કરીશ ! નાજા જોગીયા ઘેર આવ્યા, અન્ન ભાવતું નથી ! ઊંઘ આવતી નથી ! પણ તેમને સ્મરણ થયું કે ભગવાનનું નામ સ્મરણ કરવાથી દુઃખ ટળી જાય છે ! તે ઘરમાં પલાંઠી વાળી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ઉંચા સ્વરથી સ્મરણ કરવા લાગ્યા, તે વખતે શ્રીજી મહારાજ વિસનગરમાં વિરાજતા હતા. તેઓ રાત્રે જાગ્યા અને બ્રહ્મચારીને કહ્યું તૈયાર થાવ, જસદણ ભોયરા જવું છે. પરંતુ મહારાજ અટાણે ! ભગવાને કહ્યું મારો ભક્ત મને પોકાર કરીને બોલાવી રહ્યો છે. અને હું ન જાઉં તો, નગુણો કહેવાઉં. સ્વામિનારાયણ ભગવાન સવાર થતા વહેલા ભોયરા પહોંચી ગયા અને કહ્યું ભગત ચાલો આપણે વાજસુર ખાચરને દર્શન આપીએ. વાજસુર ખાચર ભગવાનને આવેલા જાણી પગમાં પડ્યો, નમસ્કાર કરી તેમનો આશ્રિત બન્યો. આ નામ જપનો મહિમા છે.

જ્યારે રામચંદ્ર ભગવાન વનમાં ગયા ત્યારે તે વખતે શબરી નામની એક ભીલડી બાઈ જંગલમાં ઝુપડી બાંધીને રહેતી હતી અને તેને કોઈએ કહ્યું કે તારા રામ એક દિવસ ચોક્કસ તારી ઝૂંપડીએ આવશે. તે ચાતક પક્ષીની જેમ રાત દિવસ પ્રભુનું સ્મરણ કરતી દિવસો પસાર કરતી હતી. ભગવાન એક દિવસ શબરીને ત્યાં પધારી તેમનાં એંઠા બોર જમ્યા ! આ પ્રભુ સ્મરણનો મહિમા છે.

ભક્ત મીરાંબાઈ પણ કૃષ્ણ ભગવાનના નામ સ્મરણથી રંગાઈ ગઈ હતી.

ગોવિંદો પ્રાણા અમારો રે, મુને જગ લાગ્યો ખારો, રાજાએ મીરાંનું નિકંદન કાઢવા સારૂ ઝેરનો કટોરો મોકલ્યો તો મીરાંબાઈ ભગવાનનો પ્રસાદ જાણીને પી ગયાં. તેમને કંઈ પણ અસર ન થઈ ! ભગવાન તો પળે પળે ભક્તનું રક્ષણ કરે છે.

તેજ પ્રમાણે નરસિંહ મહેતા પણ રાત્રિ દિવસ શ્રીકૃષ્ણનું સ્મરણ કરતા હતા તો,

કુંવરબાઈનું મામેરૂ કરવા, વણિક બન્યા વનમાળી,
ઓ મારા વહાલા, તારો ભરોંસો ભારી.
ભગવાન વણિક બનીને કુંવરબાઈનું મામેરૂ કરી આવ્યા.
ભરી સભામાં દ્રૌપદી પોકારે, ચિર પૂર્યાતો મોરારી. ઓ મારા વહાલા તારો ભરોસો મુને ભારી.

કૃષ્ણ ભગવાનને દ્રૌપદીએ પોતાની સાડી ફાડીને ભગવાનને પાટો બાંધ્યો હતો તો ભગવાને પણ નવસો નવાણું ચિર પૂરીને તેની લાજ રાખી હતી. આ નામ સ્મરણનો મહિમા છે.

ભગવાનના નામ સ્મરણથી હૃદયમાં વિશેષ રુચિ અને પ્રેમ ઉત્પન્ન થાય છે. મનુષ્ય કોઈપણ કાર્ય કરે તો તે કરતાં કરતાં તેમાં આપો આપ રુચિ પેદા થઈ જાય છે. એવી જ રીતે નામ સ્મરણ કરવાથી સમય જતાં રુચિ પેદા થાય છે.

એક કાજુ કોટેશ્વર ગામ
તિયાં ભક્ત રહે ઝવેર નામ.

આ વાત કોટેશ્વર ગામ કે જે સાબરમતી નદીના કિનારે છે ત્યાં ઝવેર નામે એક પ્રભુનો પ્યારો ભક્ત રહેતો હતો. તે દરરોજ સવારે વહેલો ઉઠી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ સ્મરણ કરતો નદીએ નાહવા જાય પાછા વળતા પણ એજ નામ સ્મરણ કરે. આથી તે ગામના કુસંગી લોકોને આ ભગતને નામ સ્મરણ કરતાં અટકાવવા તેનું નિકંદન કાઢવાનો વિચાર સૂઝ્યો.

પાપી કહે પાપ લાગ્યું તને
એક મૂકી બીજો કર્યો બાપ.

ઝવેરે કહ્યું મેં બીજો બાપ કર્યો નથી. સ્વામિનારાયણ નામ આ કળિકાળમાં સત્ય છે. આ કુસંગી લોકોએ ઝવેરને કહ્યું જો તુ સાચો હોય તારા સ્વામિનારાયણ ભગવાન સાચા હોય તો આ સામેના શિવાલય ઉપર ચઢી નીચે પડતું મૂક.

પછી ભોળો ભક્ત બુદ્ધિ બાળ
ચડ્યો શિવાલયે તત્કાળ
મેલ્યું ત્યાં થકી પડતું તન
સ્વામી, સ્વામી કરતાં ભજન

ઝવેરે શિવાલયના શિખર પરથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણનું સ્મરણ કરતાં નીચે પડતું મૂક્યું.

રહ્યો આખી અણીયે નાવ્યો આપ.
ન જણાણું વયુમાંથી વાળ.
કરી જગ જીવને જતન
પાપી વિમુખ પાછેરા પડ્યા
સત્સંગી અંગે રંગ ચડ્યા

ઝવેરને સહી સલાતમ જોઈને વિમુખ લોકો ભાગી ગયા.

સહજાનંદ શરણ પકડી, સ્મરણ
હરિનું આદરો,
નિષ્કપટ ભક્તિ કરી, અક્ષરધામમાં
વાસ કરો.
ફરી જોગ આવો નહિ મળે, તે વાત
નક્કી નિદાન છે.
આત્મા કેરો મોક્ષ કરવો, એજ
આપનું કામ છે.

મોટામાં મોટું આશ્ચર્ય અને દુઃખની વાત તો એમ છે જે આ દુનિયામાં (સંસારમાં) લોકો લખપતિને શ્રેષ્ઠ અને સુખી માને છે. પરંતુ દરરોજ ભગવાનના એકલાખ નામ સ્મરણ જપ કરનારને લોકો સુખી અને શ્રેષ્ઠ માનતા નથી. પણ વિચાર કરો, લખપતિનું મરણ થતાં એક કોડી પણ સાથે લઈ જાતો નથી. જ્યારે ભગવાનનું લાખ નામસ્મરણ કરાનારો મૃત્યુ પામતાં નામ સ્મરણ, જપ રૂપી ધન સંપતિ તેની સાથે જાય છે. તો શ્રેષ્ઠ કોણ ? ધનવાન કે નામ સ્મરણ કરનાર.

તારી એક એક પળ જાય લાખની તુ
તો માળા રે જપી લે ઘનશ્યામની.
ખાલી આવ્યા ખાલી જાશો, સાથે શું
લાવ્યા લઈ જાશો.
જીવન ધન્ય રે બનાવો ભક્તિ
ભાવથી.
તારી એક એક પળ જાય લાખની.

આપણે આ સંસારને માયાને છોડીને જઈએ છીએ ત્યારે ખાલી હાથે જઈએ છીએ, માટે નામ સ્મરણ રૂપી ભક્તિનું ભાતું તૈયાર કરો.

આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના આયોજનમાં પણ નામ સ્મરણ, જપ યજ્ઞને મહત્વ આપ્યું છે તો આપણે પણ મંત્ર લેખનની નોટ બુકો લખીને નામ સ્મરણમાં ભાગ લઈ જીવનને ધન્ય બનાવીએ અસ્તુ.



મહા સુખનો માર્ગ



- લાલજીભાઈ દલપતભાઈ પટેલ (ભડાણા)

ભક્તો, આજે આપણા સૌના અતિ બડભાગ્ય છે કે, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ ઓળખાણા છે. અને આવા દિવ્ય સત્સંગમાં સ્થિર થયા છીએ જેના લીધે આપણે ભૌતિક રીતે તો ચોક્કસ સુખી છીએ અને આપણે એ સુખને જ સાચું સુખ માની બેઠા છીએ. જે આપણી મોટી ભૂલ છે, કારણ એ સાચું સુખ નથી તેમજ કાયમી પણ નથી. શા માટે ? જવાબ છે એ તો કેવળ ઈન્દ્રિયોના વિષયોમાંથી સુખ મેળવવાની આપણી જ મનોવૃતિએ માની લીધેલું સુખ છે.

જ્યારે નથી મળતુ સારું સાંભળવાનું, જોવાનું, અનુકૂળ સ્પર્શવાનું કે મજેદાર ખાવાનું અથવા આપણી અપેક્ષા બહારના સમાચાર મલે છે. ત્યારે કોણ જાણે દુઃખી દુઃખી થઈ જવાય છે અને તે વખતે આપણી ભૌતિક સંપત્તિના સાધનો પણ સુખ આપી શકતા નથી કારણ ઈન્દ્રિયોને અનૂકૂળ વિષયો નથી.

હા, અનાદિકાળથી આ છે આપણો અનુભવ અને માન્યતા, પરિણામે આપણે સત્સંગમાં રહેવા છતાં ક્યારેક સુખની ઉણપ અનુભવીએ છીએ. કારણ આપણે આપણા ઈષ્ટદેવે બતાવેલ મહાસુખના માર્ગરૂપી દિવ્ય સત્સંગમાં આવ્યા પછી કોણ જાણે લક્ષ્ય સુધી ન પહોંચી ગયા હોઈએ ? તેમ સહજ રીતે ત્યાં અટકી ગયા છીએ.

પણ એ માર્ગ પર સતત જાણપણું રાખી ચાલતા નથી જેથી મહારાજની મૂર્તિના સુખરૂપી લક્ષ્યને આપણે મેળવી શકતા નથી.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે પંચવિષય સંબંધી સુખ એ દુઃખથી મિશ્રિત જ હોય છે. કેવળ દુઃખ વિનાનુ સુખ તો ભગવાન સંબંધી પંચવિષયમાં જ છે અને આ જ સાચુ સુખ છે ત્યારે આપણું લક્ષ્ય પણ આ મહાસુખ જ હોવું જોઈએ.

આમ છતાં આપણી કરૂણતા એ રહી છે કે જેમ ગીધ ગમે તેટલી ઊંચાઈએ પહોંચે પણ તેની નજર હાડ-માંસના તુચ્છ પદાર્થમાં પડતાની સાથે નીચે ઊતરી જાય છે. તેમ આવા મોટા ઈષ્ટદેવ અને આવો દિવ્ય સત્સંગ મળવા છતાં પરમેશ્વરને વિશે જીવની વૃત્તિ ચોંટતી નથી અને પંચવિષયરૂપી માયિક સુખમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે. જે નાશવંત પદાર્થમાંથી જ મળતુ હોય છે.

આ કરૂણતા પાછળનું કારણ પણ ભગવાનની માયા જ છે અને એટલા માટે બ્રહ્માનંદ સ્વામીએ સાચું જ કહ્યુ છે.

અહો પ્રભુ અચરજ માયા તુમ્હારી,
જીસ મેં મોહે સકલ નર-નારી બ્રહ્મા મોહે શંકર મોહે, મોહે ઈન્દ્ર બલકારી,
સનકાદિક-નારદમુનિ મોહે, દુનિયા કૌન બિચારી અહો... પ્રભું ભગવાનની માયા આગળ દુનિયા બિચારીની શી તાકાત? પણ એ જગતના પામર જીવોને આડી આવે. આપણે તો મહાપ્રભુ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન સાથે જોડાઈને તેમના બન્યા છીએ ત્યારે દુઃખી થવાનું કે ડરવાનુ કોઈ જ કારણ નથી. જેમ કોઈ રાજાનો દીકરો હોય તેની આગળ રાજ્યમાં કોઈનું બળ ચાલતુ નથી. અને પોતે જેની પાસે જે ધારે તે કામ લઈ શકે છે. પણ જો તેને તેને પોતાને રાજાનો દીકરો છે તેનું જાણપણું જ ન હોય તો? તો પછી તેનું ધાર્યું થાય નહિ. બસ આવુ જ કાંઈક આપણી બાબતમાં પણ બન્યુ છે. તેથી જ આપણે મહાસુખને પામી શક્યા નથી. ત્યારે જરૂર છે. આપણા ઈષ્ટદેવના માહાત્મયનું જાણપણું સુખી સંતો રૂપી ભોમિયાને સાથે લઈને શિક્ષાપત્રી અને વચનામૃત જેવા અમૂલ્ય ગ્રંથોમાં બતાવેલા ધોરીમાર્ગનું સતત અનુસંધાન રાખી પંચવિષય સંબંધી સુખ પ્રત્યે વૈરબુદ્ધિ રાખવાની, પંચવિષયરૂપી આશક્તિને ટાળવાની અને ઈન્દ્રિયોને ભગવાન તથા સંતની સેવામાં જોડી ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાની, આટલું કરીએ તો માયાની પણ તાકાત નથી કે આપણને મહાસુખની પ્રાપ્તિ કરતા અટકાવી શકે પછી તો સહેજે-સહેજે જ મહાસુખ મળી જાય અને છતે દેહે જ એટલે કે આને આ દેહે જ અક્ષરધામની પ્રાપ્તિ થાય.

આમ મહાસુખ મળવું અશક્ય નથી તેમજ સરળ પણ નથી અને તેથી જ એને માટે સતત પ્રયત્ન કરતા રહેવું જરૂરી છે.

આ લોકની નાશવંત ચીજોની ખરીદીમાં ગુણવત્તાવાળી ચીજો લેવી હોય તો સહેલાઈથી નથી મળતી અને પાંચ-સાત દુકાનો ફરવી પડે છે. જે આપણે સૌ જાણીએ છીએ, ત્યારે આ તો આ લોક અને પરલોકમાં ઉપયોગી થાય તેવું આત્યંતિક કલ્યાણરૂપી સુખ મેળવવા જઈ રહ્યા છીએ ત્યારે વધુ મહેનત કરવી પડે એ પણ સ્વભાવિક જ છે. તો ભક્તો આ વખતે તો સિંહવૃત્તિ કેળવી લેજો. નહિતર જેમ કૂતરાને કોઈ પથ્થર મારે ત્યારે કૂતરો પથ્થરને બચકાં ભરે પણ એનું મૂળ એવી જે પથ્થર ફેંકનાર વ્યક્તિ તેના પ્રત્યે દુર્લક્ષ સેવે છે. જ્યારે સિંહ પથ્થરને નહિ પણ પથ્થર ફેંકનારને જ પકડે છે. જેથી સિંહને વારંવાર પથ્થર ખાવા પડતા નથી જ્યારે કૂતરાને વારંવાર પથ્થર ખાઈને તેની પીડા સહન કરવી પડે છે. એમ આપણે પણ વારંવાર ગર્ભવાસની પીડા કરાવનારી અને મહાસુખના માર્ગેથી પાડનારી માયાને ઓળખી દૂર કરવી જ પડશે.

ગુણાનીતાનંદ સ્વામી કહેતા કે, વાછડાને દૂધનો સ્વાદ છે અને ઈતેડીને લોહીનો સ્વાદ છે. તેમ જીવ અનાદિકાળથી માયારૂપી લોહીનો સ્વાદ લઈ માયાબધ્ધ થયેલ છે. તેથી જો ખબરદાર થઈ આ દેહે ભગવાન સંબંધી મહાસુખરૂપી દૂધનો સ્વાદ જો ન લઈ શક્યા તો પછી દેવાનંદ સ્વામીએ કહ્યુ છે ને?

લક્ષ ચોરાશી જાતના રે દેહ આવે અપાર,
જન્મ મરણ ગર્ભવાસનુ હા'રે દુઃખ વારંવાર પ્રભુ ભજી લે ને પ્રાણિયા.

તેમ જન્મ-મરણ ગર્ભવાસના ફેરા ચાલું થઈ જશે. માટે આપણે સૌ વિવેકી બની સાર-અસારનો વિચાર કરી મહાસુખના માર્ગે ચાલતા-ચાલતા છેવટે તેને પામીએ એવી ઈષ્યદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરું છું.



દાનનો મહિમા



- જ્યંતિભાઈ કે. સોની (મેમનગર)

"જીવનમાં ભગવાન સિવાય બીજું કંઈ પણ અધિક ન થવું જોઈએ. ભગવાન વિના બીજુ અધિક મનાય છે. તેટલી ભક્તિમાં ખામી છે."

એક સત્ય ઘટના જોઈએ.

ગઢડાથી શ્રીજી મહારાજે વડતાલ સમૈયો કરવા જવા માટે સંકલ્પ કર્યો. તેવામાં દાદા ખાચર સવારમાં શ્રીજી મહારાજનાં દર્શન કરવા આવ્યા ત્યારે શ્રીજી મહારાજ કહે, વડતાલ સમૈયો કરવા આવતી કાલે અહિંથી જઈશું. ત્યારે દાદા ખાચર કહે મહારાજ અહિં સમૈયો કરોને ? દેશાંતરના હરિભક્તો ઉપર કાગળ લખો જે આ વર્ષમાં ગઢડે સમૈયો કરવાનો છે. માટે સર્વે હરિભક્તો ગઢડે આવજો. આવા કાગળો દરેક ગામોમાં લખવાથી દેશ-દેશાંતરના હરિભક્તો બાઈઓ તથા ભાઈઓ કીર્તન ગાતાં ગાતાં ગઢડે આવતા હતા. રસ્તામાં ખારાપાટમાં એક ગામ આવ્યું તે ગામના પટેલે કીર્તન ગાતા આવતા હરિભક્તોને પૂછ્યું તમે ક્યાં જાઓ છો? ત્યારે હરિભક્તો કહે અમો ગઢડે શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા જઈએ છીએ, ત્યારે પટેલ કહે સ્વામિનારાયણ ભગવાન છે ? હરિભક્તો કહે હા, ભગવાન છે. ત્યારે પટેલ કહે તમો ઉભા રહો હું ગામમાં જઈને ભગવાનને આપવા સારૂ ભેટ લઈ આવું. પછી દશ રૂપિયા લાવીને આવ્યા ને કહે જે શ્રી સ્વામિનારાયણ ભગવાનને મારા તરફથી ભેટ મુકજો. પછી તે હરિભક્તો ગઢડે આવ્યા, મહારાજનાં દર્શન કર્યા ને જે પોતાને ભેટ મુકવી હતી તે ભેટ મુકી. પણ પટેલે આપેલા દશ રૂપિયા મહારાજને ભેટ મુકવા ભૂલી ગયા. પછી મહારાજે તે પટેલનાં દશ રૂપિયા માંગી લીધા અને તે રૂપિયા લઈને મહારાજે માથું ધુણાવ્યું. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે મહારાજ કેમ માથું ધુણાવ્યું ? ત્યારે મહારાજ કહે ખરા સમયમાં આ રૂપિયા મારે આપવા જવા પડશે. પછીથી તે પટેલને છ માસે કોઢ નિસર્યો ને મરવા માટે ગાડુ જોડાવીને સમુદ્ર કાંઠે ગયા, ને ગાડું હાંકનારને પાંચ રૂપિયા આપવાનું કહ્યું ને કહે જે તું કોઈને વાત ન કરીશ. હું અત્રે સમુદ્રમાં મરવા માટે આવ્યો છું. પછી લાકડીના ટેકે ટેકે ધીમે ધીમે સમુદ્ર તરફ ચાલ્યા. તેવામાં શ્રીજીમહારાજ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આવ્યા ને કહ્યું જે પટેલ તમો ક્યાં જાઓ છો ? ત્યારે પટેલ કહે અમારા સગાસંબંધીને ત્યાં જઈએ છીએ. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે તપસ્વી બ્રાહ્મણ સત્પુરુષ આગળ ખોટુ ન બોલવું. તો પટેલે ઉપર પ્રમાણે કહ્યું. ત્યારે મહારાજે કહ્યું કે તમો સમુદ્રમાં પડવા જાઓ છો. ત્યારે પટેલે કહ્યું હા, હું સમુદ્રમાં પડવા જાઉ છું. પછી શ્રીજી મહારાજ કહે મારૂ વચન માનીને તમો તમારે ઘેર પાછા જાઓ તમને થોડા દિવસમાં સારૂ થઈ જશે. ને સમુદ્રમાં જો પડવું જ હોય તો આ તમારા રૂપિયા દશ હજારની દશ કોથળીઓ લ્યો. ત્યારે પટેલ બોલ્યો કે રૂપિયા તમોને મેં આપ્યા નથી. ત્યારે મહારાજ કહે અમારા સત્સંગીનો સંઘ ગઢડે આવતો હતો ત્યારે તમોએ દશ રૂપિયા મોકલાવ્યા હતા તે દશ રૂપિયા મને મલ્યા હતા તે લ્યો. હું કોઈનું લેણું રાખતો નથી. ત્યારે પટેલે કહ્યું જે તમો શ્રી સ્વામિનારાયણ ભગવાન છો ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે હા. પછી શ્રીજી મહારાજનો નિશ્ચય થવાથી મહારાજનાં વચનથી ઘેર ગયા. ત્યાં થોડા દિવસમાં આરામ થયો, પછી થોડા રૂપિયા લઈને પ્રત્યક્ષ ભગવાનને મળવા ગઢડે ગયા. ત્યાં મહારાજના દર્શન કરી નિયમધારી મહારાજનો આશ્રય કરી પોતાને ઘેર ગયા. અંતકાળે તે પટેલને પોતાનાં અક્ષરધામમાં લઈ ગયા. એવા શ્રીજી મહારાજ દયાળું છે. માટે ભગવાનનો નિશ્ચય પાકો કરી આત્યંતિક કલ્યાણ સાધીલેવું તેજ મનુષ્યદેહની સાર્થકતા છે. જેવા શ્રીજી મહારાજ દયાળુ છે એવા જ એમના ફક્કા વંશજ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ એવાજ દયાળુ છે. પોતાના દાદાના દરેક સ્વભાવના દર્શન આપણે તેમનામાં કરીએ છીએ.

માટે હે વ્હાલા ભક્તજનો ! સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાને ફક્ત દશ રૂપિયા આપેલા તેના અનેક ઘણા કરી ને પરત કર્યા. તેમ આપણે પણ મહારાજની આજ્ઞા મુજબ દશાંશ વિશાંશ ભાગ ધર્માદો દેવને અર્થે આપીશું તો તેનું અનેકઘણું કરીને મહારાજ આપણને પાછું આપશે. માટે દરેક ભક્તોએ શ્રીહરિની આજ્ઞા મુજબ ધર્માદો અચૂક કરવો.



વહ ઈષ્ટદેવ હમારા

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા (ન્યુયોર્ક - યુ.એસ.એ.)

વૃંદાવનમાં કવિ રસખાન થઈ ગયા. જન્મે, જાતે મુસલમાન પણ નાનપણથી જ શ્રીકૃષ્ણ ભક્તિનું એવું ઘેલું લાગેલું કે શ્રીકૃષ્ણ જ મારા ઈષ્ટદેવ છે એવી દૃઢ નિષ્ઠા બંધાયેલી. શ્રીકૃષ્ણ ભક્તિનાં ઘણાં પદો એમણે રચ્યાં છે.

મુસલમાન હોવાથી એમનાં સગાં, વહાલાં, સમાજ એમની ખૂબ ટીકા કરતો. વારે વારે સંભળાવે : "અલ્યા રસખાન! તું રહ્યો પાક મુસલમાન અને તારો ઈષ્ટદેવ તો જો. મોરલી પણ વાંકી રાખીને વગાડે છે, મુગટ પણ વાંકો પહેરે છે, ઉભો રહે છે ત્યારે પગ પણ વાંકા રાખીને ઉભો રહે છે. બસ ગામની ગોપીઓ પાછળ ઘેલા થઈને ફરવા સિવાય ના કોઈ કામ ધંધો. આવો તારો ભગવાન! આ તારો ઈષ્ટદેવ ?"

રસખાન એકજ જવાબ આપે.

"ટેઢા પાંવ, ટેઢી મોરલી, બોલે ટેઢી બોલી,
મુગટ ધારે ભલે હી બાંકા, ફીર ભી વહ ઈષ્ટદેવ હમારા."

એ ગમે તેવો છે પણ મારો ઈષ્ટદેવ છે. વહી મેરા સાહિબ હે.

મેરે તો ગિરીધર ગોપાલ, દૂસરો ન કોઈ. મીરાંબાઈની ઈષ્ટદેવ પ્રત્યેની આવી અટલ શ્રદ્ધા કાયમ હતી તો વિષનાં પ્યાલાં પણ અમૃત થઈ ગયાં!

સમાજના મોઢે તો ક્યારેય ગળણું બંધાશે નહિ. કોઈ સારા કાર્યની, સારા પ્રસંગની, સારી નિષ્ઠાની કે સારા ભક્તિ-ભાવની ટીકા તો અવશ્ય થશે જ. તિલક-ચાંલ્લો નિત્યે રાખીશું તો લોકો ઘણીવાર કહેશે. આ ચાંલ્લા વાળા સ્વામિનારાયણિયા ભાઈ ખરા હોં, બહું ચિવટ ચોકસાઈ વાળા, બહું પાકા." અરે ભાઈ! અમારા ભગવાને અમને જે જે આજ્ઞા કરી છે તે પાળવી, તે અમારો ધર્મ છે. પતિવ્રતા સ્ત્રી કપાળમાં સુહાગનો ચાંલ્લો નિત્યે ધારણ કરે છે ને? એ જેમ એનો શણગાર છે, તેમ જ તિલક-ચાંલ્લો અમારો શણગાર છે."

ઈષ્ટદેવ મહાપ્રભુ શ્રીહરિએ તો ક્યાંય કશું બાકી કે ક્યાંય કશું કાચું રાખ્યું જ નથી.

આપણા ઈષ્ટદેવ ક્યા, એમના પ્રત્યે કેવી ભક્તિ કરવી, સત્સંગને વિષે કેવી દૃઢતા રાખવી, નીજધર્મમાં રહી, આજ્ઞાને અનુસરી, ઉપાસના કેમ કરવી, આ બધું જ ખૂબ સુંદર રીતે સમજાવ્યું છે.

શિક્ષાપત્રી એટલે સર્વે શાસ્ત્રોનું નવનીત. સર્વેશાસ્ત્રોનું દોહન કરી, શ્રીહરિએ શિક્ષાપત્રી રૂપી માખણ આપણને આપ્યું છે.

"એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ."

તો પછી આવા અમૃતરસને છોડીને કનિષ્ઠ એવી છાશ પીવાનો મોહ શા માટે રાખવો?

"અને તે ઈશ્વર તે કયા તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રી કૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વે અવતારના કારણ છે." (શિક્ષાપત્રી ૧૦૮)

"..... અને અજ્ઞાની એવા જે મનુષ્ય તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણ ભગવાન (પરબ્રહ્મ પુરુષોત્તમ) ની સેવાનો ત્યાગ કરવો જ નહિ." (શિક્ષાપત્રી ૩૯)

આ બંન્ને આજ્ઞાઓનું પરસ્પર અનુસંધાન રાખીએ તો બધું જ આવી ગયું.

પ્રથમ તો ઈષ્ટદેવ ક્યા તે સમજીએ અને પછી જગતની નિંદાને નેવે મૂકીને એમનીજ આજ્ઞા, ઉપાસના અને સેવા ભક્તિમાં મંડ્યા રહીએ એટલે કાશી, મથુરા, ગંગા, ગોદાવરી, ચારધામ બધું જ આવી જાય. જેરામ બ્રહ્મચારી કહે છે તેમ :

ના ગઈ ગંગા, ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યાં અક્ષરવાસી."

કારણ તો અતિ સૂક્ષ્મ હોય તોય મોટાં કાર્ય કરવાં સમર્થ છે. વડનું બીજ કેટલું નાનું હોય છે? પણ તે થકી જ કેટલો મોટો વડ થાય છે?

આપણા કર્ણધાર તો "સર્વ અવતારના કારણ" છે, એટલે જ એ સર્વોપરિ છે.

સંપૂર્ણ શરણાગતિ વિના ભજન-ભક્તિમાં સુખ આવતું નથી. ઈષ્ટદેવને જાણ્યા, સ્વીકાર્યા અને એમના મહિમાને અંતરમાં ઉતાર્યા પછી પણ એમને બીજા અવતાર જેવા ગણીએ તો ય સ્વરૂપ નિષ્ઠામાં એટલી કાચપ કહેવાય અને ભગવાનનાં સ્વરૂપનો દ્રોહ થયો ગણાય. (વ.ગ.મ. ૯)

"કોટી જનમ લગી રગડ હમારી, વરું શંભુ કે રહું કુમારી."

પાર્વતીજીની શિવજી પ્રત્યેની આવી અટલ પતિવ્રતાની ભક્તિ છે.

લક્ષ્મણ, સીતાને વાલ્મિકીના આશ્રમમાં મૂકવા જાય છે ત્યારે સીતાજી રડે છે. લક્ષ્મણજી રૂદનનું કારણ પૂછે છે. સીતાજી જવાબ આપે છે :

"હું મારા દુઃખથી નથી રડતી અને મને અહીં આશ્રમમાં કાંઈ દુઃખ નથી, પરંતુ મારા વિના રઘુનાથજી અયોધ્યામાં એકલાં પડી જશે અને દુઃખી રહેશે એનું મને દુઃખ થાય છે તેથી રડું છું."

સૂરો ખાચર કે રતનજી મિયાંજી કે મૂળજી બ્રહ્મચારી ક્યાં બહુ ડાહ્યા હતા ? છતાંય એમની ભક્તિને શ્રીજી મહારાજે ખૂબ વખાણી છે. ભોળું ભટાક હૃદય અને "આજે શ્રીજી મહારાજ છે તે જ આપણા ઈષ્ટદેવ છે અને બસ એમની આજ્ઞામાં જ રહેવું." આ એક જ મુદ્દાની વાત તેઓ સમજેલા. સગરામ ભકતે શ્રીજી મહારાજને ઓળખ્યાં પછી એનું જીવન કેવું બદલાઈ ગયું ? વજેસિંહજી મહારાજાએ એમને દરબારમાં આમંત્રણ આપ્યું અને પૂછ્યું : "ભગત ! આ સ્વામિનારાયણ ભગવાન ગધેડાની ગાય કરે છે તે શું છે ?"

સગરામ ભગત કહે : "જુઓ મહારાજા ! આજે મેં સ્વામિનારાયણ ને સ્વીકાર્યા છે તો આપની સાથે આવડા મોટા દરબારમાં મને સ્થાન મળ્યું. બાકી તો અમારા જેવા વાઘરી કોમના અણઘડ માણસને પૂછેય કોણ ? બોલો, આ ગધેડાની ગાય કરી કહેવાય કે નહિ ?"

વાત કટેલી સરળ છે ? બસ શ્રીહરિનાં સ્વરૂપને ઓળખીને સંપૂર્ણ શરણાગત બનવાનું છે.

"શરણાગત પાપ પર્વતં, ગણયીત્વા ન તદીય સદ્‌ગુણમ્ /
અણુમપ્ય તુલંહિ મન્યતે સહજાનંદ ગુરું ભજે સદા //

દીનાનાથ ભટ્ટને શ્રીમદ્ ભાગવતના અઢાર હજાર શ્લોકો કંઠસ્થ હતા પણ તેમાંથી મોક્ષ માટેનો શ્લોક ક્યો, એજ ખબર ન હોતી ! શ્રીહરિએ કૃપા કરીને એમનું સાચું સ્વરૂપ ઓળખાવ્યું. આ તો વિદ્વાન પંડિત એટલે સહજાનંદ ગુરુ ભજે વાળુ અષ્ટક શીઘ્ર સરી પડ્યું. શ્રી સહજાનંદ સ્વામી જેવા કોઈ મોટા ગુરુ - કોઈ મોટા ભગવાન નથી. એની પ્રતીતિ થઈ.

ઈષ્ટદેવ મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીના મહિમા અને મોટ્યપ નો તો પાર આવે તેમ નથી. અગાધ મીઠા જળ ના સમુદ્ર સરીખો એમનો મહિમા છે. એમાંથી ચાહીયે તેટલું પાન કરીએ ક્યારેય ઓછ્પ આવતી નથી.

આપણા સૌનાં અતિ મોટાં ભાગ્ય છે કે આવો રૂપકડો સત્સંગ આપણને મળ્યો છે. શ્રીહરિ જેમાં અખંડ વિરાજમાન રહે છે તેવાં એમનાં પ્રત્યક્ષ સ્વરૂપો વાળાં મંદિરો, એમનાં જ અપર સ્વરૂપ એવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા એવાં જ સન્નિષ્ટ સંતો આ સર્વે સુલભતા પ્રાપ્ત થઈ છે. જ્યારે પણ સંપ્રદાયની શોભામાં અભિવૃદ્ધિ થાય તેવાં પ્રસંગ, ઉત્સવ કે મહોત્સવ આવે ત્યારે ઉત્સાહ પૂર્વક એમાં ભાગ લઈને, અમૂલ્ય લાભ જતો ના જ કરવો જોઈએ.

અમદાવાદ શ્રીપુર શહેરને આંગણે તા. ૨-૪-૦૪ થી તા. ૮-૪-૦૪ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવશે. જ્યારે આવો સુંદર અવસર દ્વારે આવીને બારણું ખખડાવી રહ્યો છે ત્યારે તન, મન, ધનથી જે કંઈ યત્કિંચિંત સેવા થાય તે અવશ્ય કરવી જોઈએ. એ આપણા સૌની પવિત્ર ફરજ છે. અને ઈષ્ટદેવ પ્રત્યેની નિષ્ઠા દર્શાવવાની તથા પૂ. આચાર્ય મહારાજશ્રી પ્રત્યેનું ઋણ ચૂકવવાની ઘડી છે.

જગતના વ્યવહારો તો છે જ અને નિભાવવાનાં છે. પણ ઈષ્ટદેવનો રાજીપો પ્રાપ્ત કરવાનો આવો સુંદર અવસર ક્યારેક જ આવે છે.

"થોડામાં ઘણું" એ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુની આગવી શૈલી છે. **આવાં પૂ. આચાર્ય મહારાજશ્રી આપણને પ્રાપ્ત થયા છે એ શ્રીહરિએ આપણને થોડામાં ઘણું ઘણું આપી દીધું છે.** શ્રીહરિના રસના ચટકાને ઓળખીને બસ એમાં ઓળઘોળ બનવાનું છે.

કાંઈ કહેતાં કાંઈ પણ સંશય કે કસર રાખ્યા વિના જો કર્ણધારના કરિશ્માને ઓળખીશું તો સ્હેજે સ્હેજે સમજાશે કે

સિર્ફ વહી હમારા ઈષ્ટદેવ હૈ।



વ્યસન મુક્તિ

- પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી (રાજકોટ)

રવિશંકર મહારાજના 'વ્યસન' વિશેના બે દૃષ્ટાંતો અહીં ઉલ્લેખનીય છે :

(૧)

સને ૧૯૪૧ હુલ્લડ થયું તે વખતની વાત છે. ત્રણ દિવસ તોફાન ચાલ્યું. એ વખતે અમદાવાદમાં બધે કરફ્યું. કોઈ બહાર નીકળે નહિ. હું બધે ફરતો હતો ત્યારે એક જણે મને કહ્યું : "મહારાજ ! મને મારી જિંદગીમાં કદી દુઃખ ન પડ્યું હોય એવું આ વખતે પડ્યું !"

મેં પૂછ્યું : "કેમ, કંઈ વાગ્યું કે શું ?" ત્યારે તેણે કહ્યું : "વાગ્યું તો નથી, પણ ત્રણ દિવસ થયા પાન ખાધું નથી."

ઓત્તારીની ! વ્યસનની કેવી પરાધીનતા ! વ્યસનનો અર્થ જ દુઃખ. જે જરૂરની ચીજો હોય છે, તે નિઃસ્પૃ હોય છે, જ્યારે વ્યસનો તો તાકીને જ ઉંભા હોય છે ! દૂધ એકાદ દિવસ નહિ પીઓ તો કશું જ નહિ થાય, જ્યારે ચા નહિ પીઓ તો માથું ચડશે !

પ્રસ્તુત દૃષ્ટાંત દ્વારા 'માવા' અને 'ગુટકા' ખાવાવાળા વિદ્યાર્થીઓ અને યુવાનો કંઈક સાર ગ્રહણ કરે તો કેવું સારું ! !

(૨)

મારા પિતાના એક મિત્ર, એમનું નામ રણછોડભાઈ. રણછોડભાઈ ચલમના ભારે વ્યસની. એમને ત્યાં ઘણે વર્ષે પુત્રનો જન્મ થયો. એમના આનંદની કોઈ સીમા ન હતી. મારા પિતાજીને એમણે ખુશાલીનો પત્ર લખ્યો. જવાબમાં મારા પિતાએ એમને લખ્યું :

"તમારે ત્યાં પુત્ર અવતર્યો એ જાણીને મને અત્યંત આનંદ થયો. હવે એ મોટો થતાં તમને ચલમ ભરી ભરીને તો આપશે !"

મારા પિતાજીનો પત્ર વાંચી રણછોડભાઈને એકાએક પ્રેરણા થઈ. એમને મનોમન થયું :

"અરે ! શું મારો દીકરો એવો જ થાશે ? ના એવો ન થવો જોઈએ. અને એમણે એ જ ઘડીએ ચલમ પીવાનું વ્યસન છોડી દીધું. તેજીને ટકોરો બસ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, "વ્યસન આત્માને મલિન કરે છે, સદ્‌ગુણોને ઢાંકી દે છે, અને કદાપિ આત્મકલ્યાણ થવા દેતા નથી. માટે વ્યસનોનો સદંતર ત્યાગ કરીને 'વ્યસન મુક્તિ' માટે ઝૂંબેશ ઉપાડો."

જિંદગી તો સરાણિયા પથ્થર જેવી છે, આપણને એ ઘસી નાખે કે સજાવી દે એનો આધાર આપણે ક્યા પદાર્થના બનેલા છીએ તેની ઉપર છે.

આપણી આવકનેય કાણાં પડ્યાં છે. એટલે મહેનત કરીને મેળવેલું ચા, બીડી, તમાકુ, માવા, ગુટકા, પાન-સોપારી વગેરે વ્યસનો અને મોજશોખમાં વ્યર્થ વપરાઈ જાય છે.

જો જીવનમાં સુખી થવું હોય, શાંતિથી જીવવું હોય, તો વ્યસનો અને મોજશોખના ખોટા ખર્ચમાંથી બચવું જોઈએ. રોજ દાળ, ભાત, રોટલી, શાક જમીએ, સાદું જમીએ - આ 'રેશન' મોંઘુ નથી પણ 'ફેશન' મોંઘી છે !

કઈ ચીજો ખરેખર જરૂરી છે અને બિલકુલ બિનજરૂરી છે, તેનું જ્ઞાન હોવું જોઈએ. આમ થશે તો જ કાણાં પૂરાશે અને આપણી મહેનત એળે નહિ જાય, નાહક ઢોળાઈ જતી અટકશે. નહિ તો બળદની જેમ કોહ ખેંચ્યે રાખશું પણ કોહને કાણાં હોવાથી પાણી ભેળા નહિ થઈએ.

સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો અહીં ઉલ્લેખનીય છે :

"કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા ? આવા કુસંગના ફેલમાંથી છૂટીએ અને હળીમળીને રહીએ તો એકેય ઘરમાં રોટલાના સાંસા ન રહે !"

"તમાકું, કિમામ ને ફાકી,
બીડી, બજર સૌ નારી જાતિ,
આ પાંચેય પંચામૃત નહિ,
એ તો 'તંદુરસ્તી' કોરી ખાતી."

જીવનમાં જેટલો પરિગ્રહ છે, તેટલો જ વિગ્રહ છે. જીવવા માટે ખાવાની જરૂર છે, ખાવા માટે જીવવાનું નથી. આવી સમજથી ખર્ચ અને પાપ બંને ઘટશે ને રોગ પણ થશે નહિ. નિર્વ્યસની નીરોગી રહી લાંબુ આયુષ્ય સુખે ભોગવે છે. નીરોગીતાનો આધાર સ્તંભ સ્વસ્થ મન છે. નિર્મળ ચિત્ત સિવાય આત્માની ઉન્નતિ તથા શાંતિ થતી નથી. નીરોગી શરીરમાં નીરોગી મનની વૃત્તિઓને વિકૃત કરે નહિ તે સાત્ત્વિક આહાર છે, જો વૃત્તિઓને બહેકાવે અગર અજીર્ણ કરે તો તે વિકૃત આહાર છે !

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની બહુમૂલ્યતા

- પ્રા. સૂર્યકાન્તભટ્ટ (ભુજ)

સ્વામિનારાયણ સંપ્રદાય દિન પ્રતિદિન દેશ વિદેશમાં આધ્યાત્મિક ક્ષેત્રે મોખરાનું સ્થાન પ્રાપ્ત કરતો જાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણ ચંદ્રે અર્જુનને કહ્યું છે કે બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરી મારે એકને શરણે તું આવ. હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ. એવું જ અભયવચન શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વયં આપે છે.

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ
પરમ સિધ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ

આત્યંતિક મોક્ષનું હાર્દ સમજાવતો, સૌને હિતકારી સુખરૂપ આ સિધ્ધાંત અતિ પ્રચલિત સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિરૂપ છે. આખા સંપ્રદાયનું હાર્દ આ સિધ્ધાંતમાં સમાયેલું છે. સ્વયં અવતારના અવતારી છે અને ભૂલોકના જીવોના આત્યંતિક કલ્યાણ અર્થે શ્રી હરિ પધાર્યા છે તે આ કંડિકામાં સ્પષ્ટ થાય છે.

સહુ હરિ ભક્તને રે, જાવું હોય મારે ધામ,
તો મને સેવજો રે, તમે શુધ્ધ ભાવે થઈ નિષ્કામ.

શુધ્ધરૂપે કહેતાં બ્રહ્મરૂપની ભાવના કરીને માત્ર પ્રભુ પ્રસન્નતા નિષ્કામ ભક્તિની વાત અહિં કરી છે. સ્વામિનારાયણ ભગવાને સર્વજીવ હિતાર્થે અતિ સરળ શૈલીમાં ધાર્મિક સિધ્ધાંતો વર્ણવ્યા છે. જે લોકોના હૃદયમાં અતિ સરળતાથી ઊતરી જાય છે. પ્રત્યેક સિધ્ધાંતનું મૂલ્ય ઘણું છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાયની બહુમૂલ્યતા અજોડ છે. ભૂલોકના માનવીને જીવનની નવી દિશા તેઓ



શ્રી એ બક્ષી છે. ભગવાન શ્રી હરિને પામવાનો માર્ગ સરળ બનાવી, આધ્યાત્મિકતાની સાથે વ્યવહારના પણ સરળ માર્ગોનું નિરૂપણ કર્યું છે.

પ્રેમ લક્ષણા ભક્તિને વિષે સ્ત્રી-પુરુષો જ્યાં એકત્રિત થતા હોય ત્યાં અનેક અનિષ્ટો અને વિકૃતિઓ જન્મતા જણાય છે. તેથી જ સ્વામિનારાયણ ભગવાને સ્ત્રી પુરુષોની બન્નેની અલાયદી સભાઓ સ્થાપી એટલું જ નહિ. ભવિષ્ય માં પણ સ્ત્રી પુરુષોની સભાઓ સાથે નજ રાખવાની અને અલગ અલગ વ્યવસ્થા કરવાની આજ્ઞા આપી. આ એક ક્રાંતિકારી પ્રણાલી કહી શકાય. દેવાલયોમાં પણ સ્ત્રી પુરુષોનો એક બીજાને સ્પર્શ ન થઈ જાય તેની આજ્ઞાનો ઉલ્લેખ શિક્ષાપત્રીમાં પણ કર્યો છે.

સમાજના કચડાયેલા દલિત વર્ગના માનવીઓને પણ ભક્તિનો અધિકાર આપ્યો. તેથી આ સંપ્રદાયના સંસ્થાપક ભગવાન શ્રી સહજાનંદસ્વામી અધમોદ્ધારક ગણાય છે. સંપ્રદાયના મંદિરોમાં ગણપતિ, શિવ, પાર્વતી, વિષ્ણુ, સૂર્ય, એ પંચદેવો નું સ્થાપન કરેલું અવશ્ય જોવા મળે છે. જૂનાગઢના શિખર બધ્ધ મંદિરમાં મહાદેવજીનું શ્રી હરિ સમયથી અધપિ પર્યત પૂજન અર્પણ થતું દ્રશ્યમાન થાય છે. રામનવમી, ગોકુળ અષ્ટમી, શિવરાત્રી, વામન જયંતી, ગણેશ ચતુર્થી, કાળી ચૌદશ - હનુમાન જયંતી આદિ વ્રતના દિવસોની પણ ઉજવણી કરવામાં આવે છે. સત્સંગીઓ રસ્તે ચાલતાં શિવાલય કે દેવાલય આવે તેને આદર પૂર્વક નમસ્કાર કરવાની આજ્ઞા શ્રી હરિએ આપી છે. સર્વધર્મ સમભાવ ઠેર ઠેર નિરખવા મળે છે.

નશામાં ચોવીસે કલાક ચકચૂર

(અનુસંધાન પેજ ૨૪ પર)

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

શિક્ષાપત્રી માહાત્મ્ય

– શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

વ્હાલા મિત્રો ! તમને તમારો જન્મદિવસ ક્યારે છે એ તો ખબર જ હશે. અને તમારા જન્મદિવસે તમને કોઈ ભેટ આપે તો કેવું સરસ લાગે ! તો જેનો જન્મદિવસ હોય તેને કાંઈક ભેટ આપવી જ જોઈએ. બોલો આપશોને ! તો તમને યાદ જ હશે કે મહાસુદ-૫ (વસંત પંચમી) એ શિક્ષાપત્રીનો જન્મદિવસ છે. તો શિક્ષાપત્રીના જન્મદિને શિક્ષાપત્રીને ભેટ આપતાં પહેલાં જરા આટલું વાંચી લઈએ.

૧. સમયના વ્હેણ ક્યારેય એક સરખા વહેતાં નથી. સરિતાના વહેણની જેમ સમય પોતાનો પ્રવાહ બદલતો રહે છે. સમયની સાથે સમાજ પણ ગતિ કરે છે, તેથી સમયની સાથે સામાજીક મૂલ્યો પણ બદલાતા રહે છે. પરિણામે સમાજના મુમુક્ષુવર્ગને પોતાના મોક્ષ માટેતો ત્યાગ, સંયમ, ભક્તિ, ઉપાસના વગેરે દિવ્ય સદ્‌ગુણો મેળવવા માટે અગર એ સદ્‌ગુણોને પોતાના હૃદયમાં જાળવવા માટે કોઈ એક દિવ્યબળની સતત જરૂર પડતી હોય છે.

૨. એ દિવ્યબળનો સ્ત્રોત્ર સતત પુરો પાડવા પરમાત્મા દરેક યુગમાં જુદા જુદા રૂપે અવતરતા હોય છે. અત્યારના યુગની ભૌતિક શોધખોળોનો જન્મ થાય, વિલાસ-વૈભવની માયાજાળમાં મુમુક્ષુઓ ફસાય તે પહેલાં જ વિ.સં. ૧૮૩૭ ચૈત્ર સુદ-૯ છપૈયામાં પરબ્રહ્મ પરમાત્મા સ્વામિનારાયણ નામથી પ્રકટ થયા. અગિયાર વર્ષની ઉંમરે પ્રભુએ ગૃહત્યાગ કરીને ભારત ભૂમિની તીર્થ પ્રદક્ષિણા કરી ગુજરાતમાં પધાર્યા. ધર્મ પ્રચાર માટે પરમાત્માએ એક વિશાળ સંત મંડળી તૈયાર કરી. ગામડે ગામડે ઘરે ઘરે ફરીને સમાજના તમામ ક્ષેત્રે દિવ્ય ચતેનાનો સંચાર કર્યો. સામાજિક રીતે પછાત ગણાતી કોમોને સદાચરણથી ઉંચે લાવ્યા. અને મુમુક્ષુ જીવાત્માઓના કલ્યાણ માટે કેટલાક ઉપાય નક્કી કર્યા. તેમાં સૌ પ્રથમ અમદાવાદનું ત્રણ શિખરનું મનોરમ્ય સુંદર મહામંદિર બનાવરાવીને સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે જ સ્વસ્વરૂપ શ્રીનરનારાયણ આદિ દેવોની સ્થાપના કરી. ત્યાર પછી ગુજરાતભરમાં બીજા આઠ મહામંદિરોની સ્થાપના કરી. રચના પોતે જ કરાવી. સંપ્રદાયને સુગ્રથિત રાખવા માટે ધર્મકુળમાંથી આચાર્યપદની સંસ્થાપના કરી. અને મુમુક્ષુઓના ધર્મજ્ઞાનાદિ સદ્‌ગુણોને પોષવા અનેક શાસ્ત્રોની રચના પણ શ્રીહરિએ સંતો પાસે કરાવી. જેમાં સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, વચનામૃત મુખ્ય છે.

૩. ત્યાર પછી સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણે જીવ પ્રાણીમાત્રના મોક્ષ માટે શિક્ષાપત્રી સ્વયં લખી. વિ.સં. ૧૮૮૨ના મહાસુદી-પના દિવસે પરમાત્માના વરદ્‌ હસ્તે લખાયેલી આ શિક્ષાપત્રી દિવ્યાતિ દિવ્ય વસ્તુ છે. શિક્ષાપત્રીને આપણે એક એવી નિસરણી સાથે સરખાવી શકીએ કે જેના નીચલા બે છેડા ધરતી ઉપર છે અને ઉપલા બે છેડા અક્ષરધામની અટારીએ અડેલા છે. આ બાબત કાલ્પનિક નથી, વાસ્તવિક છે. જેમ કે "અહીં થુંકવું નહિ, આ ઠેકાણે મળમૂત્ર કરવા નહિ." આવી સાધારણ સૂચનાઓથી આરંભ કરીને સંસારમાં આર્થિક અને સામાજિક વહેવાર કેમ કરવો તે બતાવ્યા બાદ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનો નિર્દેશ પણ શિક્ષાપત્રીમાં સમાવ્યો અને સાથે સાથે મોક્ષ સુધીની આધ્યાત્મિક આજ્ઞાઓને પણ શિક્ષાપત્રીમાં સમાવી લીધી એટલે શિક્ષાપત્રી ગીતાની જેમ કેવળ આધ્યાત્મિક ગ્રંથ નથી એ તો વ્યવહાર શાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, નિતી શાસ્ત્રની સાથે સાથે આધ્યાત્મિક શાસ્ત્ર છે. એટલે શિક્ષાપત્રી પ્રજાથી લઈને પ્રધાનો સુધી, ગરીબથી લઈને ધનિક સુધી, અભણથી લઈને વિદ્વાન સુધી, મુમુક્ષુથી લઈને મુક્ત સુધી સમાજના દરેક વર્ગને એક સરખી

અખંડ ઉપયોગી છે. શિક્ષાપત્રીનો મહિમા આપણે તો કેટલો વર્ણવી શકીએ. સ્વામિનારાયણ ભગવાને પોતે જ લખી દીધું છે કે "मद्रूपं इति मद्रवाणी" એટલે કે "આ શિક્ષાપત્રી એ મારૂં સ્વરૂપ છે."

૪. માટે આ શિક્ષાપત્રીની આજ્ઞાઓનો શિક્ષણ દ્વારા અથવા અન્ય કોઈ પણ માધ્યમ દ્વારા બહોળો પ્રચાર કરવામાં આવે તો સમાજની અનેક મુશ્કેલીઓ દૂર થાય અને રાજ્યકર્તાઓની ઘણી સમસ્યાઓ હલ થઈ શકે. કારણ કે કોઈ પણ ધર્મ પ્રત્યે શિક્ષાપત્રીની દ્રષ્ટિ સમાન છે. "એમાં શિવ અને નારાયણનું ઐકેય બતાવાયુ છે, શક્તિ સ્વરૂપને પૂજ્ય ગણ્યું છે." અને "રસ્તે ચાલતા શિલાલયાદિક કોઈ પણ દેવ મંદિર આવે તો આદર થકી તે દેવનું દર્શન કરવું." આવું પરધર્મ સહિષ્ણુતા ભર્યું વાક્ય શિક્ષાપત્રી સિવાય કોઈ પણ ધર્મગ્રંથમાં મળવું મુશ્કેલ છે.

તો બોલો મિત્રો ! આવી દિવ્ય પવિત્ર શિક્ષાપત્રીના જન્મદિને શું ભેટ આપશો ? સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં જ કહ્યું છે કે આ શિક્ષાપત્રીનો દરરોજ પાઠ કરવો અને શિક્ષાપત્રીની આજ્ઞાઓ પ્રમાણે વર્તવું. તો શિક્ષાપત્રીના જન્મદિવસથી જ દ્રઢ સંકલ્પ કરીને દરરોજ શિક્ષાપત્રીનો પાઠ કરીશું. અને એમાં કહેલી આજ્ઞાઓ પ્રમાણે વર્તવાનો દ્રઢ સંકલ્પ કરીશું તો આપણી સાચી ભેટ ગણાશે. અને આટલું નિયમ રાખશો તો સ્વામિનારાયણ ભગવાનના આશીર્વાદ છે કે તમે સર્વ રીતે સુખી બનશો.

(અનુસંધાન પેજ ૨૨ પરનું)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની બહુમૂલ્યતા

રહેતા નશાખોરોને ભગવાન સ્વામિનારાયણે વગર કાયદે માત્ર ધર્મોપદેશ દ્વારા સદાચરણની એરણ ઉપર આણી નિર્વ્યસની બનાવી સમાજનું વ્યાપક પણે નવ સંસ્કરણ કર્યું છે. સર્વ સાધનાના ફળરૂપ અને કલ્યાણનું કારણ સત્સંગ છે. સત્યરૂપ એવો પોતાનો આત્મા, સત્યરૂપ એવા પરમાત્મા, સતપુરુષો અને સત્તશાસ્ત્રો આ ચાર નો સંગ કરે એટલે સત્સંગ અને જે એનો સંગ કરે તે સત્સંગી. માનવીનાં સુખ દુઃખના આઠ હેતુઓ દેશ, કાળ, કર્મ, ક્રિયા, મંત્ર, ધ્યાન, દીક્ષા અને સંગ. એમાં સંગનું વિશેષપણુ છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સમાજને પણ સત્સંગ સમાજ કહેવાનો રિવાજ છે. દેવ, મંદિર, આચાર્ય, ત્યાગી, ગૃહસ્થ બાઈ ભાઈ એ સર્વનો ધર્મને નાતે બનેલો સત્સંગ સમાજ, એના નિયમ, નિશ્ચય, પક્ષથી વિશિષ્ટ ભાત પાડે છે.

સંપ્રદાયના સતશાસ્ત્રોમાં સંસ્કૃત ભાષામાં રચાયેલી શિક્ષાપત્રી અને સત્સંગીજીવન મુખ્ય છે. ગુજરાતીમાં વચનામૃત મુખ્ય છે. સતસંગી માત્રને ધર્મના પ્રથમ સોપાનરૂપ પંચવર્તમાન પાળવાના હોય છે. વર્તમાન એટલે વર્તન કરવાનો નિયમ. દારૂ, માંસ, ચોરી, અવેરીને વટલવું- વટલાવવું આ પાંચનો ત્યાગ એટલે પંચ વર્તમાન. શિક્ષાપત્રી માં ધર્મની વ્યાખ્યા આપતાં સ્વામિનારાયણ ભગવાને શીખ આપી છે કે, "શ્રુતિ, સ્મૃતિ પ્રતિપાદિત સદાચાર તે ધર્મ જાણવો ". પૂર્વે થયા જે મોટા (શિષ્ટ) પુરુષ તેમણે પણ જો ક્યારેય અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું પણ એમણે જે ધર્માચરણ કર્યું હોય તેનું જ ગ્રહણ કરવું.

જીવ માયાને ઈશ્વર એ ત્રણના સ્વરૂપને રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. એવી જ્ઞાનની વ્યાખ્યા શ્રી હરિએ આપી. જ્યારે ભક્તિ વિષે જણાવ્યું કે સંપ્રદાયને અભિમન ભક્તિ એટલે પ્રકટ પરમેશ્વર પ્રત્યે માહાત્મ્ય જ્ઞાને સહિત અતિ સ્નેહ તથા શ્રીકૃષ્ણ વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તેને વૈરાગ્ય જાણવો. આ તમામ વિગતોનું મૂલ્ય અનેક ઘણું છે.

પોતાને બ્રહ્મરૂપ સમજીને જીવાત્મા સાકાર પરબ્રહ્મની પ્રત્યક્ષ ઉપાસના કરે છે ત્યારે એની કારણ શરીર રૂપ માયા ટળી જાય છે. ને તે જીવાત્મા મુક્ત થાય છે. અને ભગવાનનાસાધર્મ પણાને પામે છે. એટલે ભગવાન તેને ભાગવતી તનુ આપે છે. આવું દિવ્ય ભાગવતી તનુ ધારીને જીવ અક્ષર બ્રહ્મના મુકતો સાથે પરબ્રહ્મ પરમાત્માની હજુર સેવામાં રહે છે. ભગવાન જેમ સાકાર છે. તેમ અક્ષર બ્રહ્મ પણ સાકાર છે. તેમ મુકત જીવાત્મા જેમ ભાગવતી તનુ ધારણ કરીને સાકાર બને છે. અક્ષર ધામમાં ભગવાનની સ્વામી- સેવક ભાવે ભક્તિ કરવી એને સંપ્રદાયમાં મુક્તિ કે મોક્ષ માનવામાં આવે છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાયની બહુમૂલ્યતા અનેરી છે.

??????????????પ્રશ્નપેટી ??????????



શાસ્ત્રી દેવસ્વરૂપદાસજી (મહંતશ્રી, જયપુર મંદિર (રાજ.))

પ્રશ્ન : ૧ અને ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે, અને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે. આ સુંદર વાત શ્રીજી મહારાજે ક્યા વચનામૃતમાં કરી છે ?

પ્રશ્ન : ૨ કોનું સન્માન કરવું ? તે શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં છે ?

પ્રશ્ન : ૩ ઝીણાભાઈએ શ્રીહરિને પંચાળે આવવાનો આગ્રહ કર્યો પરંતુ મહારાજે ના પાડી. આથી તેઓ બહુ ઉદાસ થઈ ગયા પછી ઘરે જઈ વિચાર કર્યો કે મહારાજ આપણે ઘરે ન આવ્યા માટે કંઈપણ કદાચ ભૂલ રહી જતી હશે. શ્રીહરિને રાજી કરવા કેવા નિયમ લીધા ?

પ્રશ્ન : ૪ પર્વતભાઈને ખેતરની વાડ કરતા કુહાડી હાથમાંથી છટકી ગઈ તે પગ ઉપર આવી તેથી જોડાની છજાપ કપાઈ ગઈ પણ પગ બચી ગયો. પર્વતભાઈએ વિચાર કર્યો કે મહારાજે મારે રક્ષા કરી. નહીં તો એક મહિનાનો ખાટલો થાત. પછી પર્વતભાઈએ શું નક્કી કર્યું ?

પ્રશ્ન : ૫ જોબન પગીને ડભાણના પ્રસંગથી શ્રીહરિનો પરિપક્વ નિશ્ચય થઈ ગયો હતો. પછી સહજાનંદ સ્વામીને પોતાને ગામે પધારવા વિનંતી કરી. જ્યારે શ્રીહરિએ વડતાલ આવવાનું વચન આપ્યું ત્યારે અગાઉ થી ચાલી નિકળેલ જોબનપગીએ મનમાં શું સંકલ્પ કર્યો હતો ?

પ્રશ્ન : ૬ વડોદરાના નાથભક્તની નિષ્ઠાને પ્રભુએ વખાણી છે. નાથ ભક્તને મહારાજની કૃપાથી એકનો એક દીકરો હતો. તેને મહારાજ અક્ષરધામમાં લઈ ગયા. પછી નાથભક્તે શું કર્યું ?

પ્રશ્ન : ૭ સરધારના વાણીયા ડોસાભાઈને મહારાજના સ્વરૂપનો નિશ્ચય થયો ત્યારે તેમનો નિશ્ચય જોવા માટે મહારાજે શું પરીક્ષા કરી ?

પ્રશ્ન : ૮ ચાર પ્રકારની વૃતિ તેના નામ જણાવો ?

પ્રશ્ન : ૯ ભગવાન શ્રી સ્વામિનારાયણના નાનાભાઈ ઈચ્છારામજીનો જન્મ કઈ સાલમાં કઈ તિથિના રોજ અને ક્યાં થયો હતો ?

પ્રશ્ન : ૧૦ ''भवसम्भवभीतिभेदनम्'' આ સુંદર સ્તોત્રના રચપિતા કોણ છે ?

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ પોષ માસની યાદી

પોષ સુદી-૧ પ.ભ. મેઘબાઈ રામજી કાનજી ભૂડીયા, માનકુવા-કચ્છ. **પોષ સુદી-૨** પ.ભ. પરાગ રવિકાન્ત મશ્કી. **પોષ સુદી-૬** પ.ભ. બાબુભાઈ મણીલાલ શાહ. **પોષ સુદી-૭** પ.ભ. મોહનલાલ ઓચ્છવલાલ કાછીયા. **પોષ સુદી-૮** પ.ભ. જયંતિલાલ હરિભાઈ પટેલ, ધર્મજવાળા-વડોદરા. પ.ભ. ભલાભાઈ મગનદાસ પટેલ. **પોષ સુદી-૯** પ.ભ. જગદીશભાઈ પ્રેમજીભાઈ. **પોષ સુદી-૧૦** પ.ભ. રામજીભાઈ નારણભાઈ કેરાઈ, માંડવી-કચ્છ. પ.ભ. હષમિતાબેન વિશરામભાઈ. **પોષ સુદી-૧૨** પ.ભ. મનહરભાઈ શંકરભાઈ, બાયડ. પ.ભ. દેવાંગભાઈ શરદકુમાર. **પોષ સુદી-૧૪** શ્રી ઘનશ્યામ ભરોસે (હ. નારાયણભાઈ કાનજી). **પોષ વદી-૧** પ.ભ. હસરા ખીમજી જેસાણી. પ.ભ. તનુકુમાર કરશનભાઈ. **પોષ વદી-૪** પ.ભ. કમળાબેન. પ.ભ. દિલિપભાઈ એસ. ભાવસાર. પ.ભ. ચમનભાઈ છોટાભાઈ, ઓડવાળા. અ.નિ. માતુશ્રી ભાણબાઈ, મદનપુર-કચ્છ. પ.ભ. ભગવાનજીભાઈ લાલજીભાઈ. **પોષ વદી-૫** પ.ભ. શારદાબેન પુરુષોતમદાસ પટેલ. **પોષ વદી-૭** પ.ભ. નલીનીબેન, પૂના. **પોષ વદી-૮** પ.ભ. નૌતમલાલ પ્રાણજીવનદાસ. **પોષ વદી-૯** પ.ભ. માલતીબેન પ્રવિણભાઈ પટેલ. **પોષ વદી-૧૨** પ.ભ. મનુભાઈ નરસિંહભાઈ પટેલ, બાયડ. પ.ભ. લક્ષ્મણભાઈ હરજી, ભુવા. પ.ભ. લાલજી હરજી, ભૂવા. પ.ભ. પ્રેમબાઈ હરજી, ભૂવા. **પોષ વદી-૧૩** પ.ભ. જીજ્ઞેશકુમાર ભદ્રેશભાઈ ભગત, સુરત. શા.સ્વા. દેવચરણદાસજી. **પોષ વદી-૩૦** પ.ભ. ગીરીશભાઈ પરસોતમભાઈ પટેલ, ઉવારસદ.

સત્સંગ સમાચાર

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં કાંકરિયા મંદિરથી અમદાવાદ મંદિર સુધી સંકલ્પ રેલી

સર્વોપરિ શ્રીહરિએ અમદાવાદમાં સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર નિર્માણ કરાવીને કાંકરિયા સરોવરે બ્રાહ્મણોની શહેર ચોર્યાસી કરીને ભૂદેવોને દાન દક્ષિણા આપેલ. આ દિવ્ય અલૌકિક ભૂમિ પર પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવની પ્રતિષ્ઠા કરી સ્થાપના કરી ત્યારથી આજ દિન પર્યન્ત આ દિવ્ય તીર્થ ભૂમિનો મહિમા ઉત્તરોત્તર વધતો રહ્યો છે.

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં તા. ૪-૧-૨૦૦૩ના રોજ મહંત શાસ્ત્રી સ્વામી ગુરુપ્રસાદદાસજીની પ્રેરણાથી કાંકરિયા મંદિરથી અમદાવાદ મંદિર સુધી એક વિશાળ સંકલ્પ રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં વ્યસન મુક્તિ, પર્યાવરણ અને પોલિયો નાબુદી દિનને અનુલક્ષીને આયોજન કર્યું હતું. આ સંકલ્પ રેલીમાં અનેક ધામોના સંતો-મહંતો જોડાયા હતા. જેમાં અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી, જેતલપુર મંદિરના પૂ. મહંત સ્વામી, ધોળકા, બદ્રિનારાયણ, મૂળી મંદિરના મહંત સ્વામીઓ શોકલી ગુરુકુળ અને અમદાવાદ મંદિરથી પૂ. રાજુ સ્વામી આદિ ઘણા સંતો આ રેલીમાં જોડાયા હતા. મણીનગર અને કાંકરિયા વિસ્તારના સત્સંગી ભાઈ-બહેનો હજારોની સંખ્યામાં જોડાયા હતા. રેલીમાં અનેક સુશોભીત વહાનો બેન્ડવાજાની મધુર સુરાવલી સાથે રેલીમાં આકર્ષણ ખડું કરતા હતા. આ રેલીના આયોજન અને વ્યવસ્થામાં કોઠારી સ્વામી આનંદપ્રસાદદાસજી અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળે (કાંકરિયા) ખૂબજ શ્રદ્ધા ભાવના અને પુરુષાર્થ કરીને તેના પ્રચાર પસારને વેગવંતુ બનાવ્યું હતું. વાહનો ગાડીઓ શણગારવાની સેવા પા. નરોત્તમ ભગત અને શ્રી જિજ્ઞેશ પટેલે કરી હતી. રસ્તામાં ઠેર ઠેર પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રી અને રેલીનું સ્વાગત કરાયું હતું. જ્યારે રેલી રાયપુર દરવાજા પહોંચી ત્યારે અંબિકા ટ્રેડર્સ વાળા પ.ભ. કમલેશભાઈ મોદીએ વિવિધ પ્રકારનું દારૂખાનું ફોડીને સંકલ્પ રેલીનો વિજય ઘોષ કર્યો હતો. રેલીમાં ભાવિક ઉત્સાહી હરિભક્તો ચોકલેટ-મીઠાઈનો પ્રસાદ દરેકને હોંશે હોંશે આપીને 'જયશ્રી સ્વામિનારાયણ' ના નારા લગાવતા હતા. આમ આ રેલી અમદાવાદ મંદિર સર્વોપરિ શ્રી નરનારાયણદેવના પ્રાગંણમાં પહોંચી ત્યારે વાતાવરણ અતિ ભવ્ય લાગતું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં રાસ અને ધૂનનું આયોજન થયું હતું. રેલીમાં જોડાયેલ તમામ ભક્તજનોને અમદાવાદ મંદિરથી પૂ. મહંત સ્વામીના માર્ગદર્શનથી કોઠારી સ્વામીએ પ્રસાદ જમાડવાની સુંદર વ્યવસ્થા કરી હતી. *(ગૌરાંગભાઈ - શ્રીનરનારાયણદેવ યુવક મંડળ)*

કર્મશક્તિ નવા નરોડા સ્વા. મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં કર્મશક્તિ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સત્સંગ સમાજના આયોજનથી તા. ૨૬-૧૨-૦૩ના રોજ અત્રે મંદિરમાં સમૂહ મહાપૂજાનું આયોજન થયું હતું. સ્વામીશ્રી ઘનશ્યામપ્રકાશદાસજી (કોટેશ્વર ગુરુકુલ) એ મહાપૂજાની વિધિ કરાવી હતી.

તા. ૨૨-૧૨-૦૩ના રોજ કર્મશક્તિ થી અમદાવાદ મંદિર સુધી ભવ્ય પદયાત્રાનું આયોજન કર્યું હતું. ઘણી મોટી સંખ્યામાં હરિભક્તોએ બન્ને પ્રસંગનો લાભ લઈ શ્રીહરિનો રાજીપો તથા મહારાજના અપર સ્વરૂપના આશીર્વાદ મેળવ્યા હતા.

(પ્રતિ. ગોરધનભાઈ સીતાપરા)

એપ્રોચ (બાપુનગર) મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આગામી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં બાપુનગર એપ્રોચ અને હર્ષદકોલોની શ્રીનરનારાયણદેવ યુવક મંડળ અને સત્સંગ સમાજના આયોજનથી તેમજ સ્વામી લક્ષ્મણજીવનદાસજી તથા સ્વામી સત્યસ્વરૂપદાસજી ની પ્રેરણાથી તા. ૧૧-૧-૦૪ના રોજ સવારે ૫-૧૫ કલાકે એપ્રોચ અને હર્ષદ કોલોની એમ બન્ને મંદિરથી અમદાવાદ મંદિર સુધી ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. એપ્રોચ મંદિરના શ્રી વ્રજેન્દ્ર બેન્ડની સુમધુર સુરાવલી સાથે ધૂન્ય-કીર્તન કરતા-કરતા સવારે ૬-૪૫ કલાકે અમદાવાદ મંદિર શ્રી નરનારાયણ દેવના શણગારના ભવ્ય દર્શન કરી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

રાત્રે ૮ થી ૧૧ એપ્રોચ મંદિર પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને ભવ્ય સત્સંગ સભાનું આયોજન થયુ હતું. સભામાં પૂ. મહંત સ્વામીશ્રી નિર્ગુણદાસજી, કોઠારી સ્વામી સત્યપ્રકાશદાસજી, શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજી આદિ સંતોએ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં પ્રવચન કરી સૌને માહિતગાર કર્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વચન આપી સૌ ઉપર રાજીપો વરસાવ્યો હતો.

(પ્રતિ. ગોરધનભાઈ સીતાપરા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્મે નીચેના મંદિરોમાં થયેલ ધાર્મિક પ્રવૃત્તિઓ

રાણીપ (અમદાવાદ) હોમાત્મક મહાપૂજા. એક વરસથી મંદિરમાં ઉત્સવના ઉપલક્ષમાં ધૂન, કીર્તન, પારાયણ અને મહાપૂજા કરી હતી.

મહાપૂજામાં ૬૦ જેટલા હરિભક્તોએ રૂા. ૧૦૦૦ ભરી યજમાન બની સુંદર લાભ લીધો હતો. ઉપરોક્ત રકમ અમદાવાદ મંદિર જમા કરાવી હતી. સવારે ૭-૦૦ કલાકે શ્રીરમેશભાઈ શુકલે વિધિ કરાવેલ. સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. રાત્રે ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન પૂ. નાના પી.પી. સ્વામીએ (કોટેશ્વર) કર્યું હતું. આ પ્રસંગે પૂ. ગવૈયા સ્વામી તથા છપૈયા માજી મહંત સ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-રાણીપ)

હિંમતનગર

અત્રે મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી તથા સ્થાનિક હરિભક્તોએ આગામી ઉત્સવના ઉપલક્ષમાં ધનુર્માસમાં વિશેષ ધૂન્યનું આયોજન કર્યું હતું. સાથે સાથે ૬ મંદિરની પદયાત્રા નું આયોજન છે. તા. ૧૭-૧-૦૪ના

હિંમતનગર, પ્રાંતીજ, ટોરડા પદયાત્રામાં મોટી સંખ્યામાં હરિભક્તો સ્વામિનારાયણ મહામંત્ર સાથે ટોરડા પહોંચ્યા ત્યારે મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીએ સુંદર વ્યવસ્થા કરી સૌને આવકાર્યા હતા. હિંમતનગરથી ઈડર, સાપાવાડા, લાલોડા, વિહાર અને ઈલોલ મંદિરની પદયાત્રાનું આયોજન ટૂંક સમયમાં થશે. ટોરડાની પદયાત્રામાં ઈશ્વરભાઈ પશાભાઈ પટેલ તથા નાથાભાઈ વજાભાઈ પટેલે પદયાત્રીઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરી હતી. રસ્તામાં આવતા ગામોના હરિભક્તોએ પણ પદયાત્રીઓ માટે નાસ્તા-પાણીની વ્યવસ્થા ગોઠવી હતી. *(મનુભાઈ પટેલ)*

ધોળકા મંદિર

અત્રે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી મહંત સ્વામી જગતપ્રકાશદાસજી અને મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી અને સંત મંડળ અને ધોળકાના હરિભક્તોએ ધનુર્માસમાં આખો માસ પર્યન્ત ધૂન્ય કરી ધોળકા શહેરમાં દિવ્ય વાતાવરણ બનાવ્યું હતું. અત્રે બન્ને મહંત સ્વામી અને હરિભક્તો દ્વારા અઠવાડીયામાં દરેક ગામોમાં અને ધોળકામાં રવિવારે સત્સંગ સભા કરવામાં આવે છે. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ પ્રસંગે ધોળકા શહેર અને ધોળકા દેશના ગામોના હરિભક્તો ઉત્સવમાં પોતાનો આર્થિક સહયોગ ખૂબજ સારો આપી રહ્યા છે. પોતાના વ્હાલા પ્રાણથી પ્યારા ધર્મગુરુ માટે દરેક સંત-હરિભક્તો તન-મન-ધનથી સેવા કરવા થનગની રહ્યા છે.

પૂજારી મુકુન્દ સ્વામી, કોઠારી મનુભગત પ.ભ. હસમુખભાઈ, રાકેશભાઈ સોની અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ધોળકાના દરેક હરિભક્તો આ પ્રસંગે સુંદર સહકાર આપી રહ્યા છે.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ધોળકા)

ઈડર મંદિર

અત્રે શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં મંદિરમાં ધનુર્માસમાં સંતો-હરિભક્તો દ્વારા ધૂન્ય કરવામાં આવી હતી. આ ઉપરાંત મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી સંત-મંડળ સાથે લાલોડા, સાપાવાડા, મણીયોર, નવા અરોડા, જુના અરોડા, ઉમેદગઢ અને સાચોદરમાં સત્સંગ સભામાં ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ ઉજવવા માટેની સંપૂર્ણ માહિતી સૌને આપી હતી. ઉમેદગઢ અને અરોડા નવાગામમાં શાકોત્સવ ઉજવ્યો હતો. *(સ્વામી સત્યસંકલ્પદાસ)*

કનીપુરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી

અત્રે કનીપુર ગામમાં આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ હરિભક્તોને રાજી કરવા માટે ૮૦ જેટલા ઘરોમાં દિવ્ય ચરણો પાડીને ઘરોને પાવન કર્યા હતા. રાત્રે સત્સંગ સભામાં કીર્તન ભક્તિ સાથે ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ ઉજવવા માટે હરિભક્તોએ ફંડ એકત્ર કર્યો હતો.

આ પ્રસંગે નાના પી.પી. સ્વામી (કોટેશ્વર), છપૈયા માજી મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી અને સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (સ્કીમ કમિટી સભ્યશ્રી) એ ગામના હરિભક્તોને ઉત્સવમાં સેવા કરવા પ્રેરણા કરી હતી. અંદાજે એક લાખ રૂપિયાનો ફાળો આ ગામ તરફથી નોંધાયો હતો. અંતમાં સૌને પૂજ્ય લાલજી મહારાજે આશીર્વાદ આપ્યા હતા. *(ગીરીશભાઈ પટેલ)*

ચલોડા (જીતબાના)

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં અત્રે જેતલપુર અક્ષર મહોલવાડીના વિદ્યાર્થી સંતો-બટુકો. સંચાલકશ્રી શા.હરિઓમ સ્વામી સાથે ધનુર્માસ ધૂન્ય પ્રસંગે પધારીને દર્શન-ધૂન્ય કરી હતી. ચલોડા મંદિરમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના વિદ્યાર્થી સંતોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની રૂપરેખા સાથે ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની વાત કરી હતી. ગામમાં હરિભક્તોને ત્યાં હરિકૃષ્ણ મહારાજ સાથે ધૂન-કીર્તન અને ભજન કરેલ. ત્યારબાદ ખેતરમાં શાકોત્સવનું સુંદર આયોજન કરી સંતો અને બટુકોએ સરસ શ્રીહરિના લીલા ચરિત્રો અને શા.સ્વામી હરિઓમ સ્વામીએ પણ સરસ ઉપદેશાત્મક વાતો કરીને સૌને રાજી કર્યા હતા. પ.ભ. જયંતીભાઈ પટેલ અને હરિભક્તોએ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(જયંતીભાઈ પટેલ - ચલોડા)

બાલવા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી આજુબાજુના ૧૦ ગામોમાં શ્રીનરનારાયણ દેવ યુવક મંડળ અને ઘનશ્યામ મંડળ દ્વારા ૧૨ કલાકની ધૂન્ય તા. ૨૦-૧-૦૪ના રોજ કરવામાં આવી હતી.

ધનુર્માસમાં ધૂન્ય તથા ઉત્તરાયણના સંતો દ્વારા ગામમાં ઝોળી ફેરવવામાં આવી હતી. ગામના સમસ્ત હરિભક્તો એ સુંદર સહકાર આપેલ. બાળ ઘનશ્યામ સંસ્કાર મંડળના ૧૦૦ જેટલા બાળકોએ ધ્યાન, યોગ, પ્રાણાયામ અને ઘનશ્યામ લીલા ચરિત્ર પર નાટકો અને ધૂન-ભજન કીર્તન આદિ કાર્યક્રમ કરેલ.

(મંત્રીશ્રી ન.ના.દેવ યુવક મંડળ-બાલવા)

મકાખાડ

અત્રે ધનુર્માસમાં પૂજ્ય મહારાજશ્રી અને પૂજ્ય લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી મૂળીના સ્વામી દેવપ્રસાદદાસજીની પ્રેરણાથી ધનુર્માસમાં વહેલી સવારે ૫૦૦ જેટલાં હરિભક્તો શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો દિવ્ય લાભ લઈ ધન્ય બન્યા હતા. શ્રી નરનારાયણ દેવ યુવક મંડળે સુંદર વ્યવસ્થા કરી હતી. *(શ્રી ન.ના.દેવ યુવક મંડળ)*

નીચેના મંદિરોમાં શાકોત્સવ ઉજવાયો હતો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્રમે પૂજ્ય લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અનેક કાર્યક્રમો થાય છે. જેમાં શિયાળામાં ઠેરઠેર શાકોત્સવનું આયોજન વિશેષ રૂપે થાય છે. તેમાં નારણઘાટ મંદિરમાં મહંત શા. સ્વામી ઘનશ્યામ પ્રકાશ દાસજીની પ્રેરણાથી તા. ૧૧-૧-૨૦૦૪ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ થયેલ. જેમાં કુલ ૨૩,૪૦૦ શ્રધ્ધાળુ ભક્ત જનોએ દિવ્ય પ્રસાદ લઈને ધન્ય બન્યા હતા. સ.ગુ. દેવસ્વામી (દિલ્હી મહંતશ્રી)ની પ્રેરણાથી શ્રી ન.ના.દેવ યુવક મંડળે શ્રદ્ધા ભક્તિથી સુંદર સેવા કરી હતી.

(ધર્મકિશોરદાસ)

જયપુર (રાજ.) મંદિર

અત્રે આપણા જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અને પૂજ્ય પી.પી. સ્વામીની

પ્રેરણાથી નવા વરાયેલા યુવા મહંત શા. દેવસ્વરૂપદાસજી અને મેતપુર ખંભાતના હરિભક્તો સૌ સાથે મળી સત્સંગની સુંદર પ્રવૃત્તિ કરી રહ્યા છે. જયપુર મંદિર અને સત્સંગ માટે ઉપયોગી અને આપણા સંપ્રદાય માટે ભાવના-લાગણી ધરાવતા રાજસ્થાન ભાજપ સરકાર માં બહુમતીથી ચુંટાઇને મંત્રી પદે આવેલા શ્રી ગુલાબચંદજી કટારીયા, (સાર્વજનિક નિર્માણ મંત્રી) શ્રી ઘનશ્યામ તિવારી (શિક્ષા મંત્રી) શ્રી મોહનલાલ ગુમા વિધાયક, શ્રી કાલીચરણ શરાફ વિધાયક, શ્રી વિરુ સિંહજી રાઠોડ, શ્રી સુરેન્દ્ર પારેખ અને અન્ય મહાનુભાવો તા. ૨૨-૧૨-૦૩ ના અન્ને મંદિરમાં દર્શનાર્થ પધારેલ ત્યારે સન્માન સભામાં તેઓશ્રી ને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ પત્ર સાથે સંતોએ ફુલહાર કરી શાલ ઓઢાડી તેમનું રૂડું સન્માન કર્યું હતું. અને પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને કોઠારી આનંદ સ્વામી (કાંકરિયા) અને જયપુરના મહંત શા. દેવ સ્વામી આદિ સંતોએ મંત્રીશ્રીઓના વિજય બદલ શુભેચ્છા સહઆશીર્વાદ આપ્યા હતા. આમંત્રીત સૌ મહાનુભાવો પૂજ્ય મહારાજશ્રીના આશીર્વાદ પત્ર વાંચીને ભાવ-વિભોર થઇ ગયા હતા. મેતપુરના શ્રી ઠાકોરભાઇ, શ્રી મનુભાઇ (બન્ને) અને અન્ય હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સભા સંચાલન મહંત શા.સ્વામી ઇશ્વર ચરણદાસજી (ઘરિયાવદ)એ સુંદર રીતે શોભાવેલ.

(કોઠારી આનંદ સ્વામી - કાંકરીયા)

જમીયતપુરા પ્રભા હનુમાનજી મંદિર

પ.પૂ.લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં તા. ૪-૧-૦૪ ને રવિવારના શાકોત્સવ પ્રસંગે પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુર) એ કથામૃતનો અલૌકિક લાભ હજારો ભાવિકોને આપી કથા-ભજનથી તૃપ્ત કર્યા હતા. સભા સંચાલન શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસે (નારાણઘાટ મહંતશ્રી) સુંદર રીતે શોભાવેલ. ત્યારબાદ ૭ હજાર ભાવિકોએ શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કરેલ.

(શા.સ્વા.વિજયપ્રકાશદાસ)

સાણંદ મંદિર

અત્રે સાણંદ મંદિરમાં પ.પૂ.લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્રમે શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ દ્વારા શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે મહંત સ્વા. નરેન્દ્ર પ્રસાદદાસજી (ચરાડવા) પુરાણી સ્વા. શ્રીજીપ્રકાશદાસજી, સ્વા. છપૈયા પ્રસાદ દાસ (મૂળી) સ્વા.ધર્મપ્રિયદાસજી (મૂળી) અને પૂજારી સ્વા.હરિકૃષ્ણ દાસજી આદિ સંતોએ કથા વાર્તા કરીને સુંદર લાભ આપેલ. હાસ્ય કલાકાર શ્રી ધવલ ચોકસીએ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની રૂપરેખા સમજાવી હતી.

(શ્રી ન.ના.દેવ યુવક મંડળ - સાણંદ)

સરઢવ (ગાંધીનગર)

અત્રે સરઢવ મંદિરનો અમૃત મહોત્સવ તા. ૧૯-૧૨-૦૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થયેલ. ગામમાં ભવ્ય નગર યાત્રા માં સૌને દર્શન આપી ને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને પ્રાસંગિક સભામાં પૂ.મહારાજશ્રી પધાર્યા હતા. હરિભક્તો એ પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પૂજારી સ્વામી પરમેશ્વરદાસજી અને ટોરડા મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી એ પ્રેરણાત્મક સેવા પુરી પાડી હતી.

(શા. સ્વામી છપૈયા પ્રસાદદાસજી)

રંગમહોલ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ.લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી શાસ્ત્રી સ્વામી પરમેશ્વરદાસજીની પ્રેરણાથી અ.નિ. પ.ભ.લવજીભાઇ ભીમદાસ પરિવારના પટેલ અમરશીભાઇ, પટેલ વાસુદેવભાઇ અને પટેલ રણછોડભાઇ તરફથી અમદાવાદ મંદિર શ્રી રંગ મહોલ ઘનશ્યામ મહારાજનો ૧૧૮ મો પાટોત્સવ પ.પૂ.લાલજી મહારાજના વરદ્ હસ્તે વેદ વિધિસર રીતે સંપન્ન થયેલ. મહંત સ્વામી કૃષ્ણ પ્રસાદદાસજી, સ્વા.ભક્તિ વલ્લભદાસજી અને સ્વામી વાસુદેવચરણદાસજી એ આ પ્રસંગે સારી સેવા બજાવી હતી.

(નાથા ભગત)

ડેમાઇ (સાબરકાંઠા)

અત્રે મંદિરમાં આખા માસ પર્યન્ત સ્વામી આનંદ સ્વરૂપદાસ અને હરિભક્તોએ ઠાકોરજી સમક્ષ ધૂન્ય કરી હતી. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં રોજે સવારે ૪-૩૦ કલાકે પ્રભાત ફેરી ગામમાં સ્વામિનારાયણ ધૂન્યના મધુરનાદ સાથે ફરે છે.

(પટેલ ડાહ્યાભાઇ ધનાભાઇ)

રાજસ્થાનના નીચેના ગામોમાં ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં ૬૦ કલાકની ધૂન્ય કરવામાં આવેલ

પ.પૂ.લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી રાજસ્થાનમાં દેવકા ગોલીયામાં તા. ૧૮-૧-૦૪ થી તા. ૨૧-૧-૦૪ પર્યન્ત ૬૦ કલાકની ધૂન્ય કરવામાં આવી હતી. આ ઉપરાંત દાંતીવા, જેલાતરા અને વાપા માં પણ હરિભક્તો એ સાથે મળી કુલ ૬૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય કરીને પોતાના પ્રાણ પ્યારા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવને સફળ બનાવવા પ્રાર્થના કરી હતી.

(જેઠાભાઇ રણછોડ ભાઇ)

ટોરડા મંદિરનો ૫૧મો પાટોત્સવ ઉજવાયો

ટોરડા ધામમાં ૫૧ મો પાટોત્સવ (મ.સુ-૮) ઉજવવા પૂ.આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાટોત્સવ પ્રસંગે ખાસ પધારીને શ્રી ગોપાલલાલજી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક તથા અન્નકૂટની આરતી ઉતારી હતી. મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી દિનેશભાઇ હેમાભાઇ પટેલે (વેલાળ) ઉત્સવના યજમાન બનવાનો લ્હાવો લીધો હતો. પૂ. લાલજી મહારાજે તેમને રાજીપાનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા હતા. પ્રાસંગિક સભામાં ધામોધામથી પધારેલ સંતોએ આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પૂ. લાલજી મહારાજશ્રીએ સત્સંગ પોષક આશીર્વાદ આપ્યા હતા. તથા ગોપાળાનંદ સ્વામીના સિંહાસનમાં ૮ કિલો ચાંદીની સેવા આપનાર પટેલ કાંતિભાઇ કચરાભાઇ (મોખાસણ) ને રાજીપાનો હાર પહેરાવ્યો હતો. સભા સંચાલન મહંત શ્રી આનંદ સ્વામીએ સંભાળ્યું હતું. યોગીવર્ય સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિ ટોરડામાં શ્રી ભીખાભાઇ ત્રિકમદાસ પટેલ (મોખાસણ) તથા પ્રજ્ઞેશ મહેન્દ્રકુમાર

રાજપુરવાળાએ ચાંદીના દ્વારની વિશેષ સેવા કરી હતી. *(શા. હરિજીવન સ્વામી)*

ઊંઝા

અત્રે ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્રમે પ.પૂ.લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૬-૧-૦૪ થી તા. ૧૨-૧-૦૪ પર્યન્ત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસ (સિધ્ધપુર ગુરુકુલ) અને શા. સ્વા. હરિપ્રકાશદાસજી ના વક્તા વદે શ્રીમદ્ ભાગવત પારાયણ અ.નિ. પ.ભ. અંબાલાલ શંભુદાસ તરાંગડી પરિવારના ચિ. શ્રી સુરેશભાઈ, શ્રી અરવિંદભાઈ, અને શ્રી કાંતિભાઈ (હાલ લંડન) એ કથાનો દિવ્ય લાભ લીધો હતો. પૂર્ણાહુતિના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રી ના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ હતી. અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(વસંતભાઈ ઊંઝા)

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં મૂળીમાં મહા રક્તદાન શિબિર

ઝાલાવાડના હાર્દ સમા આપણા મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.લાલજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ ના ઉપલક્ષમાં વસંત પંચમીના તા. ૨૬-૧-૦૪ ના સવારે ૭ કલાકે પ.પૂ.લાલજી મહારાજશ્રી એ દિપ પ્રગટાવી રક્તદાન શિબિર ખુલ્લી મુકી હતી. જેમાં ૧૦૮ ભક્ત જનોએ પોતાનું કિંમતી બ્લડ આપીને શિબિરને સફળ બનાવી હતી. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના આખા વરસ દરમ્યાન અમદાવાદ મંદિર, કાંકરિયા મંદિર, નારાયણઘાટ મંદિર, વહેલાલ મંદિર, નિકોલ, ઘ્રાંગધ્રા, સુરેન્દ્રનગર અને ખોલડીયાદ વગેરે જગ્યાએ મળી કુલ ૩૦૦૮ બોટલ રક્ત દાન થયુ હતું. ગત વર્ષે પ્રથમા બ્લડ બેન્ક અને રેડકોર્સ દ્વારા આપણા અમદાવાદ મંદિરને એવોર્ડ પ્રાપ્ત થયેલ. સ્વામિનારાયણ બાગ ખાતે સ્વયં. પૂ. લાલજી મહારાજશ્રી અને સંતો એ રક્તદાન કરીને અલૌકિક પ્રેરણા પુરી પાડી હતી. ડૉ.રમેશભાઈ પરીખ અને તેમના સહયોગી ડૉક્ટરોએ દરેક કેમ્પોમાં ઉમદા સેવા પુરી પાડી હતી. *(ડૉ. ભાવિન પરીખ)*

વડનગર શ્રી સહજાનંદ ગુરુકુલ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા મહંત સ્વામી હરિસેવા દાસજી ની પ્રેરણાથી તથા શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીના માર્ગદર્શન મુજબ તા. ૨૦-૧-૦૪ના શ્રી સહજાનંદ ગુરુકુલમાં શાકોત્સવનું સુંદર આયોજન થયું હતું. પ્રાસંગિક સભામાં શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ શાકોત્સવનો મહિમા અને શ્રીજી મહારાજની લીલાની વાતો સૌને કહી હતી. મુખ્યમંત્રીશ્રીના મોટાભાઈ શ્રી સોમાભાઈ મોદી, નાયબ કલેક્ટરશ્રી વિસનગર અને વડનગરના મામલતદાર શ્રી એ પણ સરસ પ્રસંગલક્ષી વાતો કરી હતી. પ.ભ. નવિનભાઈ મોદી એ પણ સુંદર વાતો કરી સૌને આનંદિત કર્યા હતા. બહેનોની સેવા પ્રસંશનીય હતી.

(શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી)

માણેકપુર (ચૌધરી)

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.ભાવિ આચાર્ય લાલજી મહારાજ ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદ આજ્ઞાથી તથા શાસ્ત્રી સ્વામી શ્રીજી પ્રકાશદાસજી (હાથીજણ)ની પ્રેરણાથી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં માણેકપુર શ્રી સ્વામિનારાયણ મંદિર (ચૌધરીનું) દ્વારા દિવ્ય શાકોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયેલ. આ શાકોત્સવમાં પાંચ હજાર ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો તથા ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં શાસ્ત્રી શ્રીજી સ્વામીની પ્રેરણાથી ચૌધરી સત્સંગ સમાજ તરફથી રૂા. ૨,૬૦,૦૦૦ની સેવા કરી ને પૂજ્ય મહારાજશ્રી નો રાજીપો મેળવ્યો હતો. આ શાકોત્સવમાં કાલુપુરથી શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા નાના પી.પી. સ્વામી, હરિદ્વાર મંદિરના મહંત સ્વામી, ગોલોક સ્વામી, મૂળીથી મુકુંદ સ્વામી, માણસા મંદિરના મહંત સ્વામી અને અનેક ધામોથી સંતો પધાર્યા હતા.

(શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી)

કનીપુર

આપણા સૌના લાડીલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં ભવ્ય શાકોત્સવ તા. ૧૩-૧-૨૦૦૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાંનિધ્યમાં કોટેશ્વર ગુરુકુલ ખાતે ઘીરૂભાઈ ભુલાભાઈ પટેલના યજમાનપદે યોજાઈ ગયો. જેમાં ગામના બધાજ ભક્તોએ લાભ લીધો હતો. સાથે સાથે કીર્તન-ભક્તિ અને સત્સંગનો પણ લાભ શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંતશ્રી), સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (ધોળકા માજી મહંતશ્રી) તથા અન્ય સર્વે સંતો એ આપ્યો હતો. આ દિવ્ય પ્રસંગના આયોજનમાં નાના પી.પી. સ્વામી એ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું અને છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એ સર્વેને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(પટેલ કલ્પેશ ડી.)

નવા વાડજ

તા. ૨૮-૧૨-૨૦૦૩ રવિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી ઘનશ્યામ મહારાજની સાંનિધ્યમાં નારણઘાટના મહંત સ્વામી શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજી તથા કોટેશ્વર ગુરુકુલથી પી.પી.સ્વામી. (નાના) હાજર રહ્યા હતા. મુખ્ય યજમાન પ.ભ.ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર, સહ યજમાન પ.ભ.મગનભાઈ કેશવભાઈ ચૌહાણ રહેલ હતા. *(શંભુભાઈ હીરજીભાઈ પટેલ)*

મથુરા મંદિર

પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રીની ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર મથુરામાં "શિક્ષાપત્રી જયંતી" વસંત પંચમી ના શુભ દિવસે સમૂહ મહાપૂજાનું આયોજન તથા શિક્ષાપત્રી પૂજન-વાંચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મથુરાના ઘણા સ્થાનિક ભક્તોએ પણ લાભ લીધેલ. મહાપ્રસાદની વ્યવસ્થા પૂજારી સ્વામી સર્વેશ્વરદાસજીએ કરી હતી.

(લી. કોઠારી નરેન્દ્રભગત)

શ્રી સ્વામિનારાયણ બાળ ધૂન મંડળ મેતપુર

શ્રી સ્વામિનારાયણ બાળ ધૂન મંડળ મેતપુર દ્વારા તા. ૨૩-૧૧-૦૩ના રોજ

લેવાયેલ ધાર્મિક પરીક્ષામાં કુલ ૩૮ કેન્દ્રોમાં જેમાં કુલ ૧૩૮૦ બાળકોએ ભાગ લીધો હતો. પરીક્ષાનું સુંદર પરિણામ જોઈને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દરેક પરીક્ષા આપનાર બાળકો પર અતિ પ્રસન્ન થઈ ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

ઇશ્વરનગરમંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવની કૃપાથી અને શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની આજ્ઞાથી ઈશ્વરનગર ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરનું ભવ્ય નિર્માણ મૂળી મંદિર અને નાના પી.પી. સ્વામી કોટેશ્વરના સહયોગ થી કરવામાં આવ્યું છે.

મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧-૧૨-૦૩ થી ૫-૧૨-૦૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પારાયણ શાસ્ત્રી સ્વામી શ્રીજી પ્રકાશદાસજીના વક્તા પદે સુંદર મધુર કંઠે સંપન્ન થયેલ. તદુપરાંત ત્રિદિનાત્મક હરિયાગનું પણ આયોજન થયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ ડાયરો વગેરે કાર્યક્રમ દ્વારા સૌને આનંદ થયો હતો. પૂર્ણાહુતિ ના તા. ૫-૧૨-૦૩ ની રાત્રે સૌ પ્રથમવાર ધર્મવંશી પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનું શુભાગમન થયુ ત્યારે સંત હરિભક્તો એ સાથે મળી ખૂબ જ ઉત્સાહ ઉમંગ અને અતિ પ્રેમ પૂર્વક સ્વાગત સામૈયુ કરી પૂ. મહારાજશ્રીને વધાવ્યા હતા. તેઓશ્રી ત્યાંથી સીધા મંદિરમાં પધારી ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા ની આરતી ઉતારીને સૌને દર્શનનો દિવ્ય લાભ આપેલ.

પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતો એ પ્રસંગને અનુલક્ષીને પ્રવચન કર્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી એ આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગમાં પૂ.શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, (છપૈયામાજી મહંતશ્રી) પૂ.સ્વા. દેવપ્રકાશદાસજી (ધોળકામાજી મહંતશ્રી) પૂ. અ.નિ. શા.સ્વા. ગોપાલચરણદાસજીના શિષ્ય મંડળના સંતો, બ્ર.સ્વા. રાજેશ્વરનંદજી (શ્રી નરનારાયણ દેવના પૂજારી) અને પૂ.સ્વા.કૃષ્ણવલ્લભ દાસજીએ (સુ.નગર) ખૂબ ખૂબ સહકાર આપીને માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

(શા.સ્વા. રામકૃષ્ણ દાસજી કોટેશ્વર)

શ્રી સ્વામિનારાયણ મંદિર લૂંટાવદરમાં મૂર્તિ પ્રતિષ્ઠા ધામધુમથી સંપન્ન થઇ

સૌરાષ્ટ્ર-કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપમાં આખે આખું ગામ ધરાશયી થઈ ગયું હતુ. સ.ગુ.શા.સ્વા. ગોપાલચરણદાસજીએ તેમના વખતમાં નિર્માણ કરેલ મંદિર પણ ધરાશયી થયું હતું. પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી એ ગામ અને મંદિરની હાલત જોઈ ખૂબ જ દ્રવિત થઈ ગયા હતા. અને તેઓશ્રીએ તે સમયના ધોળકાના મહંત સ્વામી દેવપ્રકાશદાસજીને મંદિરનું પુનઃનિર્માણ કરવા આજ્ઞા કરી. જેથી સ્વામીએ શા.સ્વા.હરિકૃષ્ણ દાસજી (છપૈયા માજી મહંત, શા.સ્વા. ગોવિન્દપ્રસાદદાસજી (વાઘોડીયા) જે.પી. સ્વામી, સ્વામી હરિપ્રકાશદાસ, પૂ. બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી, નાના પી.પી.સ્વામી અને પા. મનસુખભગતના સાથ સહકારથી પોતાના હેત રૂચિવાળા હરિભક્તોના આર્થિક સહયોગથી મૂળી શ્રી રાધાકૃષ્ણ દેવ તાબાનું ભવ્ય મંદિર તૈયાર થયું.

તા. ૨૫-૧૧-૦૩ થી તા. ૨૯-૧૧-૦૩ પર્યન્ત ગ્રામજનોના સહકારથી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ) તથા શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) એ પોતાની સુંદર સંગીતમય શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું. ત્રિદિનાત્મક હરિયાગ પણ વેદ વિધિસર સંપન્ન થયેલ. સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સૌને આનંદીત કર્યા હતા. તા. ૨૯-૧૧-૦૩ પૂર્ણાહુતિના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું શુભ આગમન થયુ ત્યારે સંત-હરિભક્તોએ ધામધુમથી સામૈયુ કર્યું હતું. ત્યારબાદ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં પંચદેવ સહિત સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા વેદ વિધિસર રીતે કરી હતી. પ્રાસંગિક સભામાં સંતોએ વિદ્વતા પૂર્ણ પ્રવચન આપેલ. છેલ્લે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને આશીર્વાદ આપ્યા હતા. સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભ-દાસજીનું માર્ગદર્શન પ્રેરણારૂપ હતું.

(નાના પી.પી.સ્વામી)

શ્રી સ્વામિનારાયણ મંદિર જેતપુર (મચ્છુ) મૂર્તિ પ્રતિષ્ઠા ધામધુમથી સંપન્ન થઈ

ગુજરાતમાં આવેલ વિનાશકારી ભૂકંપે માળીયા-મોરબી તાલુકામાં મોટી તબાહી કરી હતી. અને જેતપર માં મહા સમર્થ શ્રી અવદાતાનંદ સ્વામીએ બંધાવેલ અને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ પ્રાણ પ્રતિષ્ઠા કરેલ ૧૨૫ વર્ષ જુનું મંદિર પણ સંપૂર્ણ ધરાશયી થયું હતું. ત્યાર બાદ કરૂણા મૂર્તિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એ તે વખતના નારાયણઘાટના મહંત સ.ગુ. નાના પી.પી. સ્વામીને મંદિરનું પુનઃનિર્માણ કરવાની આજ્ઞા કરી અને સ્વામીએ શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (છપૈયામાજી મહંતશ્રી) સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (ધોળકા માજી મહંતશ્રી) બ્ર.સ્વા. રાજેશ્વરા નંદજી (શ્રી નરનારાયણ દેવના પૂજારી) અને અ.નિ.સ.ગુ.શા.સ્વા. ગોપાળચરણ દાસજીના શિષ્ય મંડળના સંતોના સાથ સહકારથી હેત રુચિ વાળા હરિભક્તોને પ્રેરણા કરી અને નૂતન મંદિરનું ખાતમૂહુર્ત પ.પૂ.મહારાજશ્રી ના શુભ હસ્તે કરાવી ટુંક સમયમાં મૂળી શ્રી રાધાકૃષ્ણ દેવ તાબાનું ભવ્ય નૂતન મંદિર નિર્માણ થયું. મંદિર તૈયાર થતા સમસ્ત ગ્રામ જનોના સહયોગથી તા. ૨૭-૧૧-૦૩ થી તા. ૩-૧૨-૦૩ પર્યન્ત મૂર્તિપ્રતિષ્ઠા પારાયણ અને ત્રિદિનાત્મક યજ્ઞનું આયોજન કરવામા આવ્યુ.

શ્રીમદ્ સત્સંગિભૂષણ સમાહ પારાયણ શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુલ) ના વક્તા પદે સંગીત મય શૈલીમાં ધામધુમથી સંપન્ન થઈ. સહિતા પાઠમાં શા.સ્વા. વ્રજવલ્લભદાસજી (મૂળી) બિરાજ્યા.

મહોત્સવ દરમ્યાન લોક કલાકારશ્રી ખીમજીભાઈ ભરવાડે ભક્તિ રસથી સૌને આનંદિત કર્યા અને ઘ્રાંગધ્રા ગુરુકુલના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમથી સૌને મંત્ર મુગ્ધ કર્યા.

તા. ૩-૧૨-૦૩ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત હરિભક્તોએ ભાવભીનું સ્વાગત સામૈયુ કર્યું હતુ.

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીએ ભાઈઓના મંદિરમાં અને બહેનોના મંદિરમાં

(જ્યાં સિંહાસન ધરાશયી થયેલ) પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા વેદ વિધિસર રીતે કરી. પ્રાસંગિક સભામાં સંતોના દિવ્ય પ્રવચન બાદ સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. સમસ્ત ગ્રામજનો એ દિવ્ય પ્રસાદ લઈ ધન્ય બન્યા. કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ સુંદર પ્રેરણા રૂપ સેવા બજાવી હતી.

(શ્રી ન.ના.દેવ યુવક મંડળ જેતપર મચ્છુ)

ખોલડીયાદ ગામે શ્રીમદ્ ભાગવત પારાયણ

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ.લાલજી મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી તથા શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ)ની પ્રેરણાથી ષષ્ઠિપૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં ખોલડીયાદ ગામે ત્રિદિનાત્મક શ્રીમદ્ દશમસ્કંધ પારાયણ તથા વિષ્ણુયાગ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની રક્ત તુલાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના ગર્વનરશ્રી અને સંસદ સભ્યો તેમજ ધારાસભ્યો ખાસ પધાર્યા હતા. અમદાવાદ, મૂળીથી ઘણા સંતો પધાર્યા હતા. ૫૭૦ જેટલા યુવાનોએ રક્તદાન કર્યું હતું. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજીએ કથાનું રસપાન કરાવ્યુ હતુ. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવનો મહિમા અને ધર્મકુળનો મહિમા સુંદર રીતે સમજાવ્યો હતો. પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીએ રૂડા દિવ્ય આશીર્વાદ સૌને આપ્યા હતા. પ.ભ.શ્રી રામજીભાઈ ગોહિલ પરિવારે યજમાન પદનો લાભ લીધો હતો.

(શા.સ્વા.રામકૃષ્ણ દાસજી હાથીજણ)

હળવદ વિસ્તાર ના ગામોમાં ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં ધૂનનું આયોજન

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા પ્રેરણાથી હળવદના સ.ગુ.સ્વામી શ્રીજી સ્વરૂપદાસજી ની પ્રેરણાથી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ નગર, શ્રીજી નગર, ભક્તિ નગર, ચંદ્રગઢ (લીલાપર), તથા શ્રી નરનારાયણ નગર આદિ ગામોમાં સંત-હરિભક્તોએ ૧૨ કલાકની ધૂન નું આયોજન કર્યું હતુ. આ શુભ પ્રસંગે તા. ૧૨-૧-૦૪ના રોજ પ.પૂ. ભાવિ આચાર્યશ્રી ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. સાથે અમદાવાદ મંદિરના કોઠારી સ્વામી તેમજ મૂળી, ચરાડવા, સુરેન્દ્રનગર અને મોરબીથી સંતો પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં સંતોએ ષષ્ઠિપૂર્તિ મહોત્સવમાં સૌને તન, મન અને ધનથી સેવા કરવા હાકલ કરી હતી. સમસ્ત સભાને પૂજ્ય લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

(ચંદુલાલ જી. ચાવડા)

લીંબડી મંદિરમાં શાકોત્સવ અને ૬૦ કલાકની ધૂન

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ.લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અને જેતલપુર ના મહંત શા.સ્વામી આત્મપ્રકાશ દાસજી તથા શા. સ્વામી નારાયણ પ્રસાદદાસજી (મૂળી)ના સાથ સહકાર થી સ્વામી સત્સંગપ્રકાશદાસજી તથા મહંત સ્વામી ભક્તવત્સલદાસજીની પ્રેરણાથી તા. ૧૯-૧-૦૪ ના રોજ બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં પૂજ્ય લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ધામધુમથી સંપન્ન થયો હતો. શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના ૬૦ સાફાધારી યુવકોએ સંતો સાથે ૩૨ ફૂટના કુલહારથી પૂજ્ય લાલજી મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતુ. આ પ્રસંગે અનેક ધામોથી સંતો પધાર્યા હતા. અને શ્રીજી મહિલા મંડળે ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં મંદિરમાં ૬૦ કલાકની ધૂનનું આયોજન કર્યું હતુ. *(હિંમત લાલ સોની)*

શિયાણી (તા. લીંબડી)

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્રમે અત્રે પોષવદ પાંચમના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. ધનુર્માસમાં પ્રભાતફેરી, ૬૦ કલાકની ધૂન્ય મોટી સંખ્યામાં હરિભક્તોએ કરી હતી. પ્રથમ પાટોત્સવના ઉપલક્ષમાં હોમાત્મક યજ્ઞ, અન્નકૂટ દર્શન, સાંજે ભવ્ય શાકોત્સવ હરિભક્તોએ સાથે મળી ઉજવ્યા હતા. આ દિવ્ય પ્રસંગે મૂળી ધામથી કોઠારી કૃષ્ણપ્રસાદદાસ, થ્રાંગધ્રાથી સ્વામીશ્રી રામકૃષ્ણદાસજી સંત-મંડળ સાથે પધારીને કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. *(ડૉ. ગંભીરભાઈ પરમાર)*

ઘમાસણા

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ગામના હરિભક્તો દ્વારા ૨૧-૧૨-૦૩ના શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શાકોત્સવ ધામધુમથી ઉજવાયેલ. સ.ગુ. સ્વામી શ્રી વિષ્ણુપ્રસાદદાસજીની પ્રેરણાથી શાકોત્સવનું સુંદર આયોજન થયું હતું. તા. ૧૮-૧-૨૦૦૪ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં ૧૨ કલાકની ધૂન કરવામાં આવી હતી. બન્ને પ્રસંગમાં હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. *(પ.ભ. લાલભાઈ પટેલ - સ્કીમ કમિટી માજી મેમ્બર)*

વિદેશ સત્સંગ સમાચાર

I.S.S.O. વોશિંગ્ટન ડી.સી.ચેપ્ટર

અત્રે ત્રીજી જાન્યુઆરીના સાંજના ૩ કલાક સત્સંગ સભામાં ભજન કીર્તન અને વચનામૃત વાચન કરવામાં આવેલ. નિત્ય, નિયમ, થાળ -આરતી સમૂહમાં કરવામાં આવેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા આશીર્વાદ થી સત્સંગ સભા નિયમિત રૂપે થાય છે. અને હરિભક્તો શ્રધ્ધા ભક્તિ પૂર્વક લાભ લઈ રહ્યા છે. *(કનુભાઈ પટેલ)*

સીડની (ઓસ્ટ્રેલીયા I.S.S.O. ચેપ્ટર)

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદ થી સત્સંગ પ્રવત્તિ સરસ ચાલે છે. સત્સંગ સભા નીચે પ્રમાણે કરવામાં આવી હતી.

તા. ૧૨-૧૦-૦૩ શ્રી મહેશભાઈ ત્રિવેદી-શ્રી દિલીપ દરજી

તા. ૨૬-૧૦-૦૩ શ્રી જનક પટેલ, શ્રી હિંમાશું શાહ અન્નકૂટ ઉત્સવ

તા. ૯-૧૧-૦૩ શ્રી મહેશભાઈ અમીન, શ્રી ભાવિનભાઈ મંદિરની પ્રથમ સભા

તા. ૨૩-૧૧-૦૩ I.S.S.O. સત્સંગી તા. ૪-૧૨-૦૩ શ્રી બિરેનભાઈ દેસાઈ અને તા. ૨૧-૧૨-૦૩ના સભામાં ભૂજના સંતોએ પ્રેરક પ્રવચન આપેલ. હરિભક્તોની સંખ્યા ઘણી સારી હતી. શ્રી મહેશભાઈ ત્રિવેદી ગીતા પાઠની સુંદર સમજ આપે છે. *(જીગર દરજી)*

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	પ.ભ. લક્ષ્મણભાઈ પી. ચાવડા તથા દિલીપભાઈ ગોવિંદભાઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની અયોધ્યા થી છપૈયાની પદયાત્રામાં જોડાયા તે નિમિત્તે	રામપરા
૧૦૫-૦૦	પ.ભ. મુકેશભાઈ ભીખાભાઈ પરમાર જન્મદિન નિમિત્તે	નવા વાડજ
૧૦૧-૦૦	પ.ભ. ચૌહાણ મનસુખભાઈ નાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	(જામસર) કાંદીવલી
૧૦૧-૦૦	પ.ભ. જતીન ઠાકોરભાઈ અમીન પુત્ર જન્મ પ્રસંગે	(ચલોડાવાળા) અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ઘનશ્યામભાઈ હરિભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કણભા
૧૦૧-૦૦	પ.ભ. ઘનશ્યામભાઈ ચિ. હેમંત તથા હેતલના શુભ લગ્ન નિમિત્તે તા. ૫-૧૨-૦૩ તથા તા. ૯-૧૨-૦૩	વિહારવાળા
૧૦૧-૦૦	ન્યુ યુનિક કારપેટ (નિમેષ બી. પટેલ) શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. વેકરીયા ડાહ્યાભાઈ મોહનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	નવા નરોડા
૧૫૧-૦૦	પ.ભ. સોની નટવરલાલ છગનલાલ બાયપાસ સર્જરી સફળ થઈ તે નિમિત્તે	
૧૦૧-૦૦	પ.ભ. બાબુભાઈ જીણાભાઈ ટાંક, શ્રીજી પ્રસન્નાર્થે	મીરા રોડ
૧૦૧-૦૦	પ.ભ. મનોજભાઈ બાબુભાઈ ટાંક નવી મોટર સાયકલ ખરીદી તે નિમિત્તે	મીરા રોડ
૧૦૧-૦૦	પ.ભ. વિનોદભાઈ ભગવાનભાઈ ટાંક નવુ ફ્રીજ લીધું તે નિમિત્તે	રોહીશાળા
૧૦૧-૦૦	પ.ભ. અમીત એચ. રાવળ નોકરીનો ઓર્ડર મળ્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. વરૂ મગનલાલ ગંગદાસ (જીરાગઢ) ચિ. ભરત તથા ચિ. વનીતાના શુભ લગ્ન નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	પ.ભ. વરૂ મગનલાલ તથા બાબુલાલ ગંગદાસ (જીરાગઢ-હાલાર) માતુશ્રી પાનીબેન ધામમાં ગયા તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	પ.ભ. ચૌધરી જોઈતાભાઈ લવજીભાઈ ચિ. કનુભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	બદપુરા-માણસા
૨૫૦-૦૦	પ.ભ. જે. જે. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે (હસ્તે હરિકૃષ્ણભાઈ)	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. હાર્દિકકુમાર મનહરભાઈ પટેલ લગ્ન પ્રસંગે	ધાકડી
૧૦૧-૦૦	પ.ભ. સ્મિત અજયકુમાર પટેલ બાબરી નિમિત્તે	નાંદોલ
૧૦૧-૨૫	પ.ભ. વિનોદીની બેન જોબલીયા ધનુર્માસ નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	અ.નિ. કેશુભાઈ શામળદાસ સોની ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. વાસુદેવભાઈ શાંતિલાલ ઠક્કર શુભ સંકલ્પ નિમિત્તે	શાહીબાગ
૧૦૧-૦૦	પ.ભ. તલસાણીયા ભૂધરભાઈ વાલજીભાઈ જન્મદિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. વાડીલાલ મનજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ
૧૦૧-૦૦	પ.ભ. ઠક્કર તુલસીદાસ છગનલાલ ચિ. વિક્રમના લગ્ન પ્રસંગે	ડીસા
૧૦૧-૦૦	પ.ભ. ગીતાબેન મહેન્દ્રભાઈ પટેલ નવુ મકાન લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૧૦-૦૦	પ.ભ. પટેલ મનુભાઈ નારણભાઈ ભત્રીજા રાજુ તથા પલકના નિર્વિઘ્ને લગ્ન પ્રસંગ પૂર્ણ થયા તે નિમિત્તે	ઉનાવા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ચંદુભાઈ મંગળદાસ નવુ બાઈક ખરીદ્યું તે નિમિત્તે	વિહાર
૧૦૧-૦૦	પ.ભ. મનસુખભાઈ દેવશીભાઈ ગાંગાણી લંડનના વીઝા મળ્યા તે નિમિત્તે	જામસર

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

મૂળી : મૂળી મંદિરના સ્વામી શ્રી માધવપ્રસાદદાસજી (જોડીયાવાળા) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


અમદાવાદ : આપણા અમદાવાદ મંદિરના ગોર પ.ભ. શ્રી પ્રવિણભાઈ તા. ૨૩-૧-૦૪ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. કિરીટભાઈ એન્જીનીયરના પિતાશ્રી અને શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન અગ્રગણ્ય હરિભક્ત પ.ભ. નવિનચંદ્રભાઈ ગીરધરલાલ પંડ્યા શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

રાજકોટ : શ્રી સ્વામિનારાયણ માસિકના પ્રતિનિધિ પ.ભ. નારણભાઈ ટાંકના પિતાશ્રી પ.ભ. પોપટભાઈ જેઠાભાઈ ટાંક (જીરાગઢવાળા) તા. ૧-૧૨-૦૩ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વિરમગામ : પ.ભ. સોની બળદેવભાઈ લીલાધરભાઈ તા. ૧૪-૧-૦૪ના ઉત્તરાયણના દિવસે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ડેમાઈ (સાબરકાંઠા) : પ.ભ. પટેલ જેશંગભાઈ રેવાભાઈ ૯૬ વર્ષની ઉંમરે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.






જમીયતપુરા શ્રી પ્રભા હનુમાનજી મંદિર શાકોત્સવ પ્રસંગે પ.પૂ.લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતા પ.ભ.વિષ્ણુભાઈ જોઈતારામ પટેલ (યજમાનશ્રી ડાંગરવા) જાહેર સભામાં કથામૃતપાન કરાવતા પૂજય પી.પી.સ્વામી



બાલાસિનોર ખાતે શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.પુ. ૧૦૦૮ આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રીના પષ્ઠિપૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.૧૦૮ ભાવી આચાર્ય શ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજ શ્રીની ઉપસ્થિતિમાં એક વ્યસનમુક્તિ પદયાત્રા-શોભાયાત્રાનું આયોજન કરાયેલ જેમાં વિદ્વાન સંત મંડળ સહીત શ્રીજી મહારાજના લાડીલા હજજારો ભાવિક ભક્તજનો હૈયે હૈયુ દબાય એવી એક કી.મી. લાંબી પદયાત્રામાં ધડાધરી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન-ભક્તિ-કિર્તન કરતાં અને વ્યસન મુક્તિના બેનરો સાથે નગરના મહતમ માર્ગો ઉપરથી પસાર થયાં હતાં. રેલી આરામ ગૃહથી નિકળી બસ સ્ટેન્ડ, મુખ્ય બજા, શ્રી ગોકુલનાથજી મંદિર, શ્રી રામજીમંદિર એ ભાવિ આચાર્યશ્રીએ દર્શન કરી રી સ્વામિનારાયણ મંદિરે પહોંચી.






કાંકરિયા મંદિર દ્વારા ષષ્ઠિપૂર્તિ મહોત્સવના ઉપક્રમે પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં વ્યસન મુક્તિ પર્યાવરણ બચાવો સંકલ્પ રેલીમાં દેશોદેશના પૂજનીય સંતો અને હજારો હરિભક્તો જોડાયા હતા.





જયપુર(રાજ.)આપણા મંદિરમાં રાજસ્થાન ભાજપ સરકારના નવા વરાયેલ મંત્રીશ્રીને પ.પૂ.મહારાજશ્રીના આશીર્વાદ પત્ર સાથે સર્વોપરિ શ્રી હરિની પ્રતિમા આપીને સન્માન કરતા મ.સ્વા.ગુરૂપ્રસાદદાસજી અને કોઠારી આનંદ સ્વામી(કાંકરિયા)સભામાં



સર્વાવતારી શ્રી હરિએ પ્રથમના ૪૮માં વચનામૃતમાં આજ્ઞા કરી છે કે સત્સંગી માત્રને શ્રીનરનારાયણ દેવની મૂર્તિ પૂજામાં અવશ્ય રાખવી. શ્રી નરનારાયણ દેવ શ્રીજી મહારાજનું જ સ્વરૂપ છે. મહારાજે એમ પણ કહ્યું છે કે અમારૂ સ્વરૂપ જાણી અમે સર્વ પ્રથમ અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવ પધરાવ્યા છે. આ નરનારાયણ દેવને મુકીને બીજો આશ્રય ક્યારેય ન કરવો.

પ.પૂ.ધર્મ.આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પષ્ઠીપૂર્તિ મહોત્સવ

તા. ૨/૪/૨૦૦૪ થી તા. ૮/૪/૨૦૦૪

"JAY SHREE SWAMINARAYAN" NOW TELECAST ON ZEE TV

EVERY SUNDAY U.S.A. 10:00 am (EST) & 8:00 am U.K. (EST)

Prafull Kharani